# વિહંગ

પક્ષીનિરીક્ષકો વચ્ચેનો સેતુ - ત્રૈમાસિક



બોરતળાવ, ભાવનગર, ૧૯૪૯

સ્વ. શ્રી ધર્મકુમારસિંહજી (સૌજન્ય : ઇન્દ્ર ગઢવી)



બોરતળાવ, ભાવનગર, ૧૯૯૯

ઇન્દ્ર ગઢવી (મુ.પૃ.-વિગત પા.નં. ૪૪)

વર્ષ : ૩ સળંગ અંક : ૭ શિશિર ૨૦૦૦

**પરામર્શક** : લાલસિંહ રાઓલ

**સંપાદક** : ડૉ. બકુલ ત્રિવેદી

# ગુજરાતના પ્રખર પ્રકૃતિવિદ્ શ્રી હરિનારાયણ આચાર્ય - 'વનેચર'

*લાલસિંહ રાઓલ*

ઓગણીસમી સદી પૂરી થવાને બે વર્ષ બાકી હતાં ત્યારે ઇ.સ. ૧૮૯૮માં શ્રી હરિનારાયણ આચાર્યનો જન્મ. આજથી ૧૦૧ વર્ષ પહેલાં. મહેસાણા જિલ્લાનું ઊંઝા તેમનું વતન. જીરૂ અને ઇસબગોલના વેપારનું જબરૂં મથક. શ્રી આચાર્યે મેટ્રીક સુધીનો અભ્યાસ ઊંઝામાં રહીને પૂરો કર્યો, કૉલેજનો અભ્યાસ અમદાવાદની ગુજરાત કૉલેજમાં. તે વખતે ગુજરાતમાં વડોદરા સિવાય બીજે કૉલેજો નહીં. સૌરાષ્ટ્રમાં પણ બે કૉલેજો. એક ભાવનગરમાં અને બીજી જૂનાગઢમાં.

વીસમી સદીની પહેલી પચીસીનો તે સમય. અંગ્રેજી રીતભાત અને પહેરવેશની બોલબાલા. બધા પ્રોફેસરો કોટ-પેન્ટ અને ટાઇમાં આવે. વિદ્યાર્થીઓ પણ કોટ-પેન્ટમાં સજ્જ થઇ કૉલેજમાં જતા. એવા ચુસ્ત 'એટીકેટ'ના જમાનામાં શ્રી આચાર્ય દેશી પાણકોરાનાં કપડાં અને એવાં જ દેશી પગરખાં, સહાધ્યાયીઓની ઠેકડીની લગીરે પરવા કર્યા વિના પહેરીને આવતા. કેવું દઢ મનોબળ ! તેમનો પ્રિય વિષય સંસ્કૃત. તે લઇને બી.એ. થયા.

ગૂજરાત વિદ્યાપીઠમાં થોડો વખત અધ્યાપન કરેલું. પછી કાપડની મિલમાં જોડાયા. પોતાની હોંશિયારી અને કાર્યદક્ષતાથી મેનેજર સુધી પહોંચ્યા. જે વિષય હાથમાં લે તેનું તલસ્પર્શી જ્ઞાન મેળવે. મિલમાંથી નિવૃત્ત થયા એટલે અમદાવાદ મિલમાલિક મંડળે તેમને પોતાના એસોસીએશનના મંત્રી બનાવીને તેમની આવડતનો લાભ લીધેલો.

કોઇ નાની ઘટના ક્યારેક કેવી નિર્ણાયક બની જાય છે ! આપણને કલ્પના ન હોય તેવી રીતે તે જીવનને સમૃદ્ધ બનાવી દે છે ! ગુજરાતી ભાષામાં પંખીઓ, પ્રાણીઓ અને પ્રકૃતિ વિશે લખવાની પહેલ કરનાર શ્રી હરિનારાયણ આચાર્યના જીવનમાં તેવું બનેલ. વન્યજીવોમાં રસ લેવાનું નિમિત્ત બન્યો 'બી.એન.એચ.એસ.' ના ક્યુરેટર શ્રી પ્રેટરનો લેખ. 'ભારતનાં પતંગિયાં' વિષેના બ્રિગેડિયર એવન્સના પુસ્તક બાબત તે લેખ હતો. પતંગિયા અને અન્ય વન્ય પ્રાણીઓનાં જીવનમાં ત્યારથી તેમનું કુતૂહલ જાગૃત થયું અને જીવનભર તે ચાલું રહ્યું.

વચમાં તેમની તબિયત બગડી. દવાઓ કરી, પણ કાંઇ ફેર ન પડ્યો. કુદરતી સારવારના કોઇ પુસ્તકમાં વાંચ્યું કે, ખોદવાની કસરતથી આમાં કાયમી ફાયદો થાય. અમદાવાદ શહેરમાં રોજ ખોદવા ક્યાં જવું ? વતન ઊંઝામાં વરસોથી પડતર પડી રહેલ પોતાનું ખેતર યાદ આવ્યું. અવકાશ મેળવી ઉપડ્યા પોતાને ગામ. રોજ સવારે પોતાના ખેતરમાં ખેડવા માંડ્યું. તબિયત સુધરવા લાગી. ઉત્સાહ વધ્યો. નિયમિત ખોદકામ કરીને એક તરફથી આખું ખેતર ખોદી કાઢ્યું અને બીજી તરફ તેમની માંદગીએ વિદાય લીધી. તબિયત સારી થઇ ગઇ. અમદાવાદ આવી પાછા પોતાની નોકરીમાં જોડાયા. કસરત અને શરીરસૌષ્ઠવમાં તો તેમને પહેલેથી રસ હતો. તેનાં પ્રમાણભૂત પુસ્તકો વાંચ્યાં અને તેનો અમલ કરતા ગયા. પરિણામે શરીર પોલાદ જેવું મજબૂત, સુગઠિત અને સંઘેડાઉતાર બનાવ્યું. વ્યાયામના ઉપાસક એવા તેમણે, 'કુમાર' માસિકમાં 'અખાડો', 'સ્વાસ્થ્ય, શક્તિ, સૌંદર્ય' જેવી લેખમાળાઓ આપી. રખડપટ્ટી અને પગપાળા પ્રવાસનો પહેલેથી જ જબરો શોખ. પરિણામ સ્વરૂપે 'ખભે ખડિયો' નામની લેખમાળા 'કુમાર'માં લખી.

પંખીઓ અને પશુઓનાં નિરીક્ષણ તથા અભ્યાસના ફળ સ્વરૂપે તેમણે 'કુમાર'માં જ 'વનેચર'ના તખલ્લુસથી 'વનવગડાનાં વાસી' નામની લેખમાળા આપવા માંડી. ગુજરાતી ભાષામાં આ વિષયમાં ખેડાણ કરનારાઓમાં તેઓ આદ્ય. તેઓ શાહીબાગ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા. પ્રકૃતિ અંગેના પોતાના વિવિધ શોખોને વિકસાવવા માટે મિલની આઠ કલાકની રોજિંદી નોકરીમાં પૂરતો સમય ન મળે તે સ્વાભાવિક હતું. અઠવાડિયે મળતી એક રજામાં તે માટે તેઓ નીકળી પડતા. સાદી સાયકલથી આસપાસના પ્રદેશમાં જઇ પશુ-પંખીઓનું નિરીક્ષણ કરતા. મોટરસાયકલ ત્યાર પછી ખાસા સમયે લીધી.

સંતાનમાં તેમને માત્ર એક પુત્રી. તે નાની હતી ત્યાં જ તેમનાં પત્નીને એ જમાનામાં અસાધ્ય ગણાતો કરોડરજ્જુનો ક્ષય રોગ થયો. દવાની સાથે સાથે પથારીમાં પડ્યા રહીને સંપૂર્ણ આરામ કરવાની ડૉક્ટરની સૂચના હતી. દીકરીને ખવરાવી-પીવરાવી, તૈયાર કરીને શાળાએ મોકલતા અને વરસો સુધી પત્નીની સેવાસુશ્રૂષા કરીને મિલમાં જતા. આ પ્રકારની પરિસ્થિતિમાં સામાન્ય જન આવી પડે તો તેના બધા રસ સુકાઇ જાય. શ્રી આચાર્ય તો એ બધું સહજતાથી આટોપતા અને વધારામાં વાંચન-લેખન-ભ્રમણ માટે પણ સમય મેળવી લેતા. ગુજરાતી ભાષામાં તેમણે જે રસાળ સાહિત્ય આપ્યું છે તે તો અનન્ય છે.

અભ્યાસવૃત્તિ એટલી ઉત્કટ કે, જે વિષય હાથમાં લે તેમાં આરપાર નીકળી જાય. મોટરસાયકલ લીધા પછીનો એક પ્રસંગ જોઇએ : મશીન છે, ક્યારેક ખોટકાય પણ ખરૂં. દુરસ્તી માટે 'મિકેનીક'ને આપવું પડે. રાબેતા મુજબ 'મિકેનીક' સમયસર તે તૈયાર ન કરી આપે. બે ત્રણ ધક્કા ખાધા બાદ માંડ કામ પતે. 'મિકેનીક' પરનું આવું પરાવલંબન તેમને ખટક્યું. જાતે જ તે બધું શાખી લેવાનું નક્કી કર્યું. તે અંગેનું જરૂરી સાહિત્ય અને સાધનો વસાવ્યાં. ઝીણવટથી વાંચી ગયા. પછી જાતે જ પોતાની મોટરસાયકલનું મશીન ખોલ્યું. તેના કલપૂર્જા જોયા અને સાફ કરીને પુસ્તકમાં આપેલ માર્ગદર્શન મુજબ તેને ફીટ કર્યા ! આ પછી જ્યારે જ્યારે તે ખોટવાય ત્યારે ત્યારે જાતે જ 'રીપેર' કરી લેતા.

બીજો દાખલો જોઇએ : તે જમાનામાં હિંદુસ્તાનનો મુખ્ય વેપાર બ્રિટન સાથે.જાતજાતની વસ્તુઓની આયાત ત્યાંથી થાય અને અહીંની ચીજોની નિકાસ પણ ત્યાં થાય. બ્રિટનનો કાપડ ઉદ્યોગ મુખ્યત્વે માંચેસ્ટર અને લીવરપૂલમાં કેન્દ્રિત થયેલો. અહીંથી કપાસની નિકાસ ત્યાં થાય અને ત્યાંથી તૈયાર કાપડની આયાત થાય. કાપડની મિલોથી ધમધમતું અમદાવાદ તે વખતે ભારતનું માંચેસ્ટર ગણાતું. કપાસની ખરીદી માટે મિલની મશીનરી માટે કે તેના કલપૂર્જા વેચવા માટે ત્યાંના જાણકારો અહીં આવતા. આવા એક અંગ્રેજ, કામ પ્રસંગે અમદાવાદ આવેલા. સંજોગવશાત્ તેમને, શ્રી આચાર્ય જે મિલમાં મેનેજર હતા તેની મુલાકાતે આવવાનું થયું. માણસને કોઇ શોખ હોય તો સીધી કે આડકતરી રીતે તેનો ઉલ્લેખ ક્યારેક વાતચીતમાં થઇ જાય. પેલા અંગ્રેજને માછલીઓમાં બહુ રસ. તે અંગેનું એકાદ વાક્ય તેમના મોઢેથી નીકળી ગયું. શ્રી આચાર્ય જેવા પ્રકૃતિવિદ્‌ના ધ્યાન બહાર તે કેમ જાય ? તેમણે તેના અનુસંધાને કાંઇક કહ્યું. પેલા સજ્જનને રસ પડ્યો. કામ પતાવીને બંને માછલીઓ અંગે વાતે વળગ્યા. પેલો અંગ્રેજ શ્રી આચાર્યનું તે અંગેનું જ્ઞાન જોઇ છક્ થઇ ગયો. જતાં જતાં બોલ્યો કે ''મીઠા પાણીની માછલીઓનો તમારા જેવો જાણકાર મને કોઇ મળ્યો નથી.'' આ બધી વાત ૬૦-૭૦ વરસ પહેલાંની છે, તે ધ્યાનમાં રાખવું ઘટે.

મોટરસાયકલ લીધા બાદ, રજાના દિવસે ઘરનું કામકાજ પતાવી અમદાવાદ આસપાસના ૨૫-૩૦ માઇલના પ્રદેશમાં પંખીઓ અને પશુઓનાં નિરીક્ષણ માટે ઘૂમવા લાગ્યા. અગાઉ સાયકલ લઇને નીકળી પડતા. મોટરસાયકલ લીધા પછી અમુક અમુક પંખીઓની ઊડવાની ઝડપ, તેમણે તેમનો પીછો કરીને મેળવેલી.

વાંચનના જબરા રસિયા. તે સમયનું પશુપંખીઓ અંગેનું ઉપલબ્ધ સાહિત્ય વાંચી ગયા. યથાશક્ય વસાવ્યું પણ ખરૂં. અંગ્રેજ અધિકારીઓએ લખેલ શિકારનાં પુસ્તકો કેમ છોડે ? વાંચન તો વિશાળ ખરૂં, પણ યાદશક્તિએ જોરદાર. વરસો પહેલાં વાંચેલ પુસ્તકનો કોઇ પ્રસંગ ગમી ગયો હોય તો તેના પાના નંબર પણ યાદ હોય ! વાંચનનું વૈવિધ્ય નવાઇ પમાડે તેવું.

ગુજરાતનાં પશુપંખીઓ, જીવજંતુ વગેરે અંગેનું લખાણ સ્વભાષામાં પ્રસિધ્ધ થતું રહે અને લોકોમાં તેનો પ્રચાર-પ્રસાર થાય તે માટે મિત્રોના સહકારથી 'ગુજરાત પ્રકૃતિ મંડળ' સ્થાપ્યું અને તેના મંત્રીપદે વરસો સુધી સેવા આપી. તેના મુખપત્ર તરીકે 'પ્રકૃતિ' નામનું ત્રૈમાસિક ૧૯૩૮માં શરૂ કર્યું અને ચલાવ્યું. ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવતી લેખમાળા 'વનવગડાનાં વાસી' દ્વારા ગુજરાતી સાહિત્યની તેમણે કરેલી સેવા માટે ૧૯૪૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને અપાયો. ૪૦ વરસ સુધી તે લેખમાળા 'કુમાર'ના અંકોમાં રહી. છેવટે ગુજરાત વિદ્યાસભાએ એ જ નામથી તેને ૧૯૭૯માં પુસ્તકાકારે બહાર પાડી. તેની પડખે ઊભું રહી શકે તેવું સત્વશીલ, રસિક શૈલી અને ભાષાવૈભવવાળું બીજું કોઇ પુસ્તક ગુજરાતીમાં મારા વાંચવામાં નથી આવ્યું. તેમની બાકીની લેખમાળાઓ હજી સુધી 'કુમાર'ના અંકોમાં ઢબુરાએલી પડી રહી છે.

તેમના વિશાળ અને તલસ્પર્શી વાંચનના ફલસ્વરૂપે 'ગુજરાતના પ્રાણીઓની સર્વાનુક્રમણી' (checklist) 'પ્રકૃતિ' ત્રૈમાસિકમાં લેખમાળા રૂપે આપેલ. પાછળથી તે પુસ્તકાકારે બહાર પડેલ. હાલમાં તે અપ્રાપ્ય છે. તે, છે તો એક પ્રકારની યાદી, તો પણ તેમાંના તેમની સાહિત્યશૈલીના ચમકારા આહ્લાદક બની રહે છે. 'વનવગડાનાં વાસી'ની થોડી નકલો સદ્‌ભાગ્યે હજુ પ્રકાશક સંસ્થા પાસે છે. તે ખલાસ થઇ જાય તે પહેલાં 'વિહંગ'ના વાંચકોએ તે વસાવી લેવી જોઇએ. આ પુસ્તક વાંચવું તે એક રસપ્રદ અનુભવ છે.

સી-૨, હરિઓમ એપા. ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પ્રેસ રોડ, જીવરાજ પાર્ક, અમ.-૫૧. ફોન ૬૭૬૨૯૦૬

❋

## 'મીલેનિયમ'નું મોજું !

ટી.વી. હોય કે સમાચાર-પત્રો, બધે જ 'મીલેનિયમ', 'મીલેનિયમ'ની બૂમાબૂમ સંભળાય છે. ધૂમધડાકા સાથે ઉજવણી થશે અને પાણીની જેમ પૈસા ખર્ચાશે. મને સૌથી વધુ રોમાંચ હોય તો '૨૦૦૦'ની સાલ લખવાનો !

૧લી જાન્યુ. ૨૦૦૦ના દિવસે સૂર્ય એટલો જ પ્રજ્વલિત હશે, જેટલો આજે છે. હવાનો સ્પર્શ, પાંદડાનો ધ્વનિ, પશુ-પંખીઓની ચહલપહલ અને પાણીનાં વહેણ એ જ નિરંતર ગતિ અને લયમાં હશે, જેટલાં આજે છે. કુદરતના ખોળે હોઈએ તો, આજે પણ 'મીલેનિયમ' અને કાલે પણ 'મીલેનિયમ'.

અનંત વિશ્વની અનંત યાત્રામાં સમયનું પરિમાણ અર્થહીન અને 'એબ્સર્ડ' લાગે છે. સમયનો આંક માનવ-સર્જિત છે. એ રીતે જોતાં સહસ્ત્રાબ્દિનો ઉદય એ સ્વાભાવિક રીતે એક મહત્ત્વનું સીમાચિહ્ન કહેવાય. આ નવી સહસ્ત્રાબ્દિમાં આજનો બુધ્ધિપાત્ર મનુષ્ય વિકાસની દોડ સાથે પ્રકૃતિ સાથેની તેની વિક્ષિપ્ત સંવાદિતાને જો પુનઃસ્થાપિત કરશે તો તે, એથીયે વિશેષ મહત્ત્વનું સીમાચિહ્ન બની રહેશે.

## પ્રકૃતિશિબિરો અને પક્ષીનિરીક્ષણ

દિવાળીની રજાઓ દરમિયાન, ડાંગમાં, વઘઈથી બે કિ.મી. દૂર અંબિકાને કિનારે, 'કિલાદ કેમ્પ સાઈટ' પર બે દિવસ રહેવાનો લહાવો લીધો. 'કેમ્પ સાઈટ'ની પાછળ જ વાંસનાં જંગલમાં નીલપંખાને (Blacknaped Blue Flycatcher) ધરાઈને જોયો, પૂંછડીનો પંખો બનાવવાની તેની ચેષ્ટા બરોબર નાચણ જેવી હતી. તેમાંય માદાનો રાખોડી રંગ તો નાચણ જ જોઈ લો, ઘડીભર ભૂલ-થાપ ખવડાવી દે.

વાંકીચાંચ લેલાની (Scimitar Babbler) વાંસળીના સૂર જેવી ચાર સ્વરની બોલીએ બરોબર સંતાકૂકડી રમાડી. એક બાજુ તેની કર્ણપ્રિય સૂરાવલિ જંગલ વીંધીને તમારા કાન ભરી દે, તો બીજી બાજુ તેની જરાક સરખી ઝાંખી પણ દુર્લભ હોય ! દક્ષિણ ગુજરાતનાં જંગલો એટલે વિવિધ લક્કડખોદનો વસવાટ. ક્યાંક લાકડુ ઠપકારવાનો અવાજ આવે એટલે ઊંચાં ઊંચાં વૃક્ષોનાં થડ અને ડાળાં પર દૂરબીનનું નિશાન મંડાય. પણ ડાળીને સમાંતર મોઢું રાખીને બેસતું લક્કડખોદ એમ જલદી નજરે ઓછું ચડે ! ?

મહલની આશ્રમશાળાની નજીક, પૂર્ણાના સામા કાંઠે વાંસના જંગલવાળા વિસ્તારમાં ટપકીલો (Heartspotted Woodpecker) તથા કીડીઘર લક્કડખોદ (Rufous Woodpecker) જોવાની તક મળી.

આવી રમણીય જગ્યામાં પ્રકૃતિ-શિબિરની સહાય વિના જવાનું મારાથી શક્ય બનત ? પ્રકૃતિ-શિબિરોની આ જ દેન છે. તમને જંગલની વચ્ચે લાવીને મૂકી દે ! મા. શ્રી લવકુમાર ખાચરે આશરે ૨૫ વર્ષ પહેલાં યુવાન પેઢીને પ્રકૃતિ ભણી લઈ જવાના આશયથી શિબિરો ચાલુ કર્યા ત્યારે આપોઆપ જ એક ક્રાંતિ સર્જાઈ. આજે એ ક્રાંતિની મશાલ રાજ્યના ખૂણે ખૂણે પ્રજ્વલિત જોવા મળે છે. અનેક નાની-મોટી સંસ્થાઓ પ્રકૃતિ શિબિરો યોજતી થઈ ગઈ છે. ડાંગ, જેસોર, હિંગોળગઢ, વીરેશ્વર, બાકોર, જાંબુઘોડા, રતનમહલ, બેટ દ્વારકા, ગીર વગેરે શિરમોર પ્રાકૃતિક વિસ્તારોમાં હવે શિબિરોનું આયોજન થાય છે.

આવી જગ્યાઓએ આપમેળે જવું, રહેવું એટલું સહેલું નથી. તે જોતાં પક્ષીનિરીક્ષકો માટે આવા પ્રકૃતિ-શિબિરો આશીર્વાદરૂપ બની શકે. જંગલ હોય કે નદીકિનારો, પહાડ હોય કે સમુદ્ર, મન ભરીને પક્ષીનિરીક્ષણ કરી શકો. ક્યારેક રખડતાં તો ક્યારેક પડાવની આસપાસ જ ધરાઈને પક્ષીનિરીક્ષણ કરી શકાય. છેલ્લાં બાર તેર વર્ષમાં મેં અનેક શિબિરોમાં ભાગ લીધો છે અને ક્યારેય નિરાશ થયો નથી. ક્યારેક કોઈ વહીવટી કચાશ હોય તો, પ્રકૃતિનું સાન્નિધ્ય તેનું સાટુ વાળી દે.

પક્ષીનિરીક્ષણ એ માત્ર આંખનો વ્યાયામ નથી, પણ સૌંદર્યની અનુભૂતિ છે, સાક્ષાત્કાર છે, એ સત્યનો આવિર્ભાવ જંગલમાં પડાવ નાખીને બેઠા હોઈએ ત્યારે જ થઈ શકે. આપણા ગરીબ દેશમાં પોતાના 'કેરેવાન' અને તંબુ લઈને આપણે ફરી શકતા નથી, ત્યારે પ્રકૃતિ-શિબિરો અને પ્રવાસો સૌ માટે એક વરદાન છે, તે નિઃશંક છે.

## વાચકોને

વાચકમિત્રોના લાગણીભર્યા પત્રો અને નવા વર્ષની શુભેચ્છાઓ બદલ ખૂબ ખૂબ આભાર ! વિહંગને તેના ઉડાન માટેની કાર્યશક્તિ આ પત્રોમાંથી જ મળે છે. બીજું, ક્યારેક અમુક પત્રો ટિકિટ વિના આવે છે. આમ કેમ ? ટપાલ પહોંચે જ એની ખાત્રી માટે ટિકિટ વિના ચલાવવું એવુ કેટલાંક માને છે. જે હોય તે, આ બાબતનું ધ્યાન રાખવા વિનંતી છે.

સૌ લેખકોનો પણ અમે આભાર માનીએ છીએ. 'વિહંગ' એ સામયિક નહીં, પણ સમાચાર-પત્ર છે. રાજ્યના ખૂણેખૂણેથી પક્ષીનિરીક્ષક મિત્રો દ્વારા મોકલાયેલી માહિતીનું સંકલન છે. તે ઉપરાંત પક્ષી વિશેના મૌલિક, ચિંતનાત્મક લેખો પણ મેળવવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ. પણ પુસ્તકોમાં પ્રાપ્ય માહિતી આપવાનો અમારો ઉદ્દેશ નથી. અન્ય સામયિકોમાં પ્રસિધ્ધ થયેલી માહિતી પણ બને ત્યાં સુધી અમે સામેલ નથી કરતા. આનાથી એક વસ્તુ સ્પષ્ટ છે કે, પક્ષીનિરીક્ષકોનો ફાળો જેટલો વ્યાપક અને વૈવિધ્યસભર હશે તેટલું આ સમાચાર-પત્ર વધુ રસપ્રદ અને ઉપયોગી થશે. હું સૌ પક્ષીનિરીક્ષકોને ફરી આહ્‌વાન આપું છું કે, તેઓ નિયમિત રીતે તેઓની નોંધ મોકલતા રહે. અંતમા સર્વે વાચકમિત્રોને **'હેપી મીલેનિયમ'!**

### સાભાર સ્વીકાર

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૦-૦૦ | હેમંત કડિયા, અમદાવાદ | ૨૦૦-૦૦ | હેમંત સુથાર, ગાંધીનગર |
| ૧૦૦-૦૦ | દશરથભાઈ પટેલ, અમદાવાદ | ૨૦૦-૦૦ | પ્રશાંત શાહ, અમદાવાદ |
| ૧૦૦-૦૦ | અશોકસિંહ પરમાર, ગાંધીનગર | ૫૧-૦૦ | સુભાષચંદ્ર શાહ, નવસારી |
| ૧૦૧-૦૦ | વિષ્ણુ પટેલ, અમદાવાદ | ૩૦૧-૦૦ | પી.પી.બારભૈયા, અમદાવાદ |
| ૧૦૦-૦૦ | એક શુભેચ્છક | ૨૫૦-૦૦ | પરાગ ભગદેવ, અમદાવાદ |
| ૨૦૦-૦૦ | હિરેન ત્રિવેદી, અમદાવાદ | ૧૦૦-૦૦ | સુરેશ નાકરાણી, કુકાવાવ |
| ૫૦૦-૦૦ | એક શુભેચ્છક | ૧૦૦-૦૦ | ભાનુભાઈ અધ્વર્યુ, સાવરકુંડલા |
| ૧૫૦-૦૦ | એસ. કે. પુવાર, ગોધરા | ૧૦૦-૦૦ | નિખિલ મોરી, સાવરકુંડલા |
| ૧૫૦-૦૦ | ડુંગરસિંહ સોલંકી, માંડવી | ૩૦૦-૦૦ | વી.એલ.નિમાવત, જૂનાગઢ |

(સુધારો : ગયા અંકમાં '૧૦૦૦-૦૦ ડૉ. પ્રવીણ મૂછડિયા' ને બદલે '૧૦૦૦-૦૦ ડૉ. પી.પી. મૂછડિયા, રાજુલા' વાંચવું )

પરામર્શક : લાલસિંહ રાઓલ, સંપાદક : ડૉ. બકુલ ત્રિવેદી, સંપાદક મંડળ : પી.એસ.ઠક્કર, ડૉ. આર.બી.બલર, દિલહાસ જાફરી, કે.ડી.વૈષ્ણવ
પત્રવ્યવહાર : ૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. લવાજમ : નિઃશુલ્ક (શુભેચ્છા ફાળો આવકાર્ય - 'વિહંગ' ના નામે ચેક અથવા ડ્રાફ્ટથી )
પ્રકાશક : લાલસિંહ રાઓલ, સી-૨, હરિઓમ એપાર્ટમેન્ટ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પ્રેસ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
મુદ્રક : ડૉ. બકુલ ત્રિવેદી, મુદ્રણસ્થાન : 'શારદ પ્રકાશન', ૫, સનપોઈન્ટ કોમ્પ્લેક્ષ, ગુરુકુળ ટાવર સામે, અમદાવાદ-૩૮૦૦૫૨.

લવકુમાર ખાચર
(અનુ : ડૉ. બકુલ ત્રિવેદી)

## 'શાહી ઉડાન' હવે અજ્ઞાત ભણી ! ?

જીવનભર હું પક્ષીઓ માટે જાગૃત રહ્યો છું. તેમાંય શિકારીપક્ષીઓ સાથે તો બાળપણની અનેકવિધ સ્મૃતિઓ જોડાયેલી છે. અચાનક આકાશમાંથી ત્રાટકીને કોઇ પક્ષી બાળકના હાથમાંથી પુરી ઝૂંટવીને ઊડી ગયું હોય, તો એ પ્રસંગ અને તેને લાગેલો આઘાત બાળક ક્યારેય ભૂલી શકે?! આ પચાસ વર્ષ પહેલાંની વાત છે. ત્યારનું કોઇ બાળક સમડીની આ ચેષ્ટાથી અજાણ નહીં હોય ! ત્યારે કાબર, ચકલી, કાગડા અને કબૂતર જેટલી જ સમડી સામાન્ય હતી. તે સમયે પણ સમડી, માણસની હાજરી અને જીવન પધ્ધતિથી એટલી ટેવાઇ ગઇ હતી કે, શહેરો કે મોટાં ગામમાં જેટલી જોવા મળતી તેટલી દૂર દૂરનાં નાનાં ગામડાંઓમાં જોવા મળતી ન હતી. શહેરના બગીચાઓમાં કે રસ્તાની બાજુ પરનાં મોટાં ઝાડ પર તે છૂટથી માળા કરતી.

છઠ્ઠા દાયકા પહેલાં, મારા જેવા જે થોડા માણસોને વન્ય પ્રાણીઓની ચિંતા થઇ, તેમાંના કોઇએ તે સમયે, આટલી સામાન્ય સમડી પણ આવી ચિંતાજનક પરિસ્થિતિમાં મૂકાશે તેવો સ્વપ્નેય વિચાર નહીં કર્યો હોય. એટલે જ જ્યારે આઠમા દાયકામાં તેઓની વસ્તીમાં ધરખમ ઘટાડો થયો ત્યારે, આપણે સૌ ઊંઘતા ઝડપાયા. કોઇ આ પરિસ્થિતિ માટે તૈયાર ન હતું. જો કે, હજી આપણે સમડીની ઓછી થતી જતી સંખ્યાને એટલી ગંભીરતાથી લીધી નથી. મારી સ્મૃતિને ફંફોસું તો, ૭મા દાયકામાં, આકાશમાં વિહરતી સમડીઓ હવે ઓછી જોવા મળે છે, એવો ઉલ્લેખ મેં ક્યાંક કર્યાનું મને આછુંપાતળુ યાદ છે. પણ કદાચ એ સમયે દૃઢતાપૂર્વક આ અંગે ચેતવણી આપવાની હિંમત મેં ન હતી કેળવી.

સમડીની ઘટતી જતી સંખ્યાની નોંધ ન લેવાવાનું કારણ એ છે કે, બીજી બાજુ બાજ, ગરૂડ અને ગીધ લગભગ અદશ્ય થઇ ગયાં છે. મારા જેવા થોડાક પક્ષીનિરીક્ષકોને આ પરિસ્થિતિનો ભય પહેલેથી હોવા છતાં, તેઓ આ વાત સમયસર રજૂ કરી શક્યા નહીં અને પછી એટલું મોડું થઇ ગયું કે, કોઇ અગમચેતીભર્યાં પર્યાવરણીય પગલાં લેવાનો સમય જ ન રહ્યો. યુ.કે. અને યુ.એસ.એ.ના સંશોધકોએ કરેલી શોધ પ્રમાણે ઇંડાંનાં કાચલાં પર, ડી.ડી.ટી.જેવાં રાસાયણિક જંતુનાશકોની વિપરીત અસર પડે છે. તેને આધારે લેવાયેલાં પગલાંથી તે દેશોમાં મોસમી શાહિન (Peregrine Falcon) ને ફરી સ્થાપિત થવામાં ઘણી મદદ મળી. કમનસીબે, હંમેશ મુજબ આપણા દેશમાં લોકોએ આ અંગે વાતો ઘણી કરી, પણ આપણાં શિકારી પક્ષીઓને બચાવવા કોઇ નક્કર કાર્યક્રમ ઘડ્યો નહીં. મારું આ લખાણ પણ એટલું મોડું છે કે, હું મારી જાતને ગુનેગાર માનું છું.

દસકા પહેલાં રાજગીધ (King Vulture) માટે મેં મારી ચિંતા વ્યક્ત કરી હતી તથા તે પક્ષી અને તેના માળા અંગેની વધુ માહિતી બધા પાસેથી મંગાવી હતી. તે સમયે આમ તો બાકીનાં બે ગીધ, સફેદપીઠ ગીધ (Whitebacked Vulture) તથા ગિરનારી ગીધ (Longbilled vulture), મોટી સંખ્યામાં હતાં, છતાં એવો આછોપાતળો સંશય મનમાં હતો કે આ ગીધ હવે ગ્રામ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ સ્થાનાંતર કરી રહ્યાં છે. સફેદપીઠ ગીધ ઉકરડાની જગ્યાઓએ વધુ પ્રમાણમાં ભેગા થતાં દેખાતાં હતાં. તે સમયે 'બી.એન.એચ.એસ.' દ્વારા, ગીધ તથા અન્ય પક્ષીઓ તરફથી વિમાનો માટે જે ખતરો રહેતો તે અંગે એક સંશોધન પણ થયું હતું, પણ આ પક્ષી હવે પહેલાં જેટલા વિપુલ પ્રમાણમાં તથા સફળતાપૂર્વક પ્રજનન કરતાં નથી, તેવો ખ્યાલ એક પણ પક્ષીનિરીક્ષકને આવ્યો ન હતો. મારા મનમાં શંકાનો કીડો સળવળતો હોવા છતાં આવી ભયાનક હોનારતની મેં કલ્પના ન હતી કરી. હવે બધાં એકબીજાને પૂછતાં જોવા મળે છે કે, ''પશુના મડદા પર ચિચિયારી પાડતાં ગીધનાં ટોળાને છેલ્લે ક્યારે જોયું? '' 'બી.એન.એચ.એસ.' દ્વારા અત્યારે જે ચેતવણી અપાઇ છે તે ઘણાં વર્ષો પહેલાં અપાવી જોઇતી હતી.

જ્યારથી ગીધ શહેરી બગીચાઓમાં આવેલાં કેટલાંક મોટાં વૃક્ષો પાસે એકત્ર થવા લાગ્યાં ત્યારથી જ તેમનાં અસ્તિત્વ સામે ઊભા થયેલા દબાણ અંગેનો ખ્યાલ આવી જવો જોઇતો હતો. ગીર અભયારણ્યમાં આવેલાં પ્રાચીન વડનાં ઝાડ ઉપર, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સંકુલમાં આવેલાં શીમળાનાં ઝાડ ઉપર તથા ગાંધીનગરનાં ઘટાદાર લીમડાનાં ઝાડ ઉપર ગીધનું મોટી સંખ્યામાં એકત્ર થવું એ તેમની ગ્રામ વિસ્તારોમાં ઓછી થયેલી માળા બનાવવાની જગ્યાઓનો સંકેત છે, તે સત્યનું આપણને થોડાં વર્ષો પહેલાં ભાન થવું જોઇતું હતું. દિલ્હી અને બીજાં શહેરોમાં પણ ગીધનો આવો ધસારો જોવા મળ્યો છે. સંકેતો સ્પષ્ટ હતા પણ, આપણે એટલા સંવેદનશીલ ન હતા કે તે પામી શકીએ. આપણે, ''ડી.ડી.ટી.થી ઇંડાંનાં કાચલાં પાતળાં થાય છે'' તેવું સંશોધનકારોનું ગાણું પોપટની જેમ રટતા રહ્યાં.

આ બધાં પરિબળો પણ ગંભીર જ છે, પણ આપણા સ્થાનિક સંજોગોમાં સૌથી વધુ કારણભૂત કોઇ પરિબળ હોય તો તે માળા બાંધવાની જગ્યાઓનો અભાવ છે, જેનાથી બધાં જ શિકારી પક્ષીઓ અસરગ્રસ્ત થયાં છે. મારી આ માન્યતા માટે હું એક દ્રષ્ટાંત આપું. ગિરનારી ગીધ જે ગિરનારની ભેખડો ઉપર માળા કરે છે તેની સંખ્યામાં એવો ખાસ ઘટાડો જોવા મળતો નથી, જેટલો સફેદપીઠ ગીધની સંખ્યામાં, કે જે મોટાં વૃક્ષો પર માળા કરે છે. જો કે, હાલમાં મેં ગિરનારની મુલાકાત લીધી નથી એટલે મારું નિવેદન થોડું ઉતાવળિયું કહી શકાય.

ધોળવો ઝુમ્મસ (Twany Eagle) ને સાપમાર (Short - toed Eagle) જેવાં મોટાં ગરૂડ તથા તુરૂમ્તી (Redheaded Merlin), લગ્ગડ (Langer Falcon) અને કાળો શાહિન (Shahin Falcon) બધાં પારંપરિક માળાની જગ્યાઓ (traditional nesting site) વાપરે છે. સાંસાગર (Bonnelis Hawk Eagle) નું પણ એવું જ છે. કાળો શાહિન અને સાંસાગર માળા બનાવવા ઊભી ભેખડોનો ઉપયોગ કરે છે, જ્યારે બીજાં બધાં ઊંચાં ઝાડનો ઉપયોગ કરે છે, કે જેના ઉપરથી આસપાસના દૂરના વિસ્તારો દ્રષ્ટિગોચર થાય. મારી જાણમાં જ્યાં માળા હતા તેવાં મોટાભાગનાં મોટાં વૃક્ષો હવે કપાઇ ગયાં છે, ધડમૂળથી સાફ થઇ ગયાં છે. લગ્ગડ ઊંચા ખડકોની ધાર અથવા કોર તથા કિલ્લાના ઝરૂખા અને કાંગરીનો પણ માળાની જગ્યા તરીકે ઉપયોગ કરે છે. ઘણીવાર તે બીજાં પક્ષીના માળા પચાવી પાડે છે. હિંગોળગઢમાં ઘણાં વર્ષો પહેલાં લગ્ગડની એક જોડીએ સફેદપીઠ ગીધનો માળો આ રીતે પચાવી પાડેલો. ત્યાર બાદ દર ઓક્ટોબરમાં એ જોડી (હું માનું છું ત્યાં સુધી એની એ જ જોડી) ત્યાં પ્રજનન પહેલાંના અવકાશીખેલથી માંડી બચ્ચાંઉછેર સુધીનો સંપૂર્ણ કાર્યક્રમ પૂરો કરતી. ત્યાર પછી બે વર્ષ એકદમ તેમણે ત્યાં પ્રજનન કરવાનું બંધ કરી દીધું.અમને ચિંતા થઇ. ઘણી બધી ચર્ચા અને પૃચ્છાઓ બાદ જાણવા મળ્યું કે, જે વર્ષથી તેણે માળો છોડી દીધો તેના મહિના પહેલાં જ દિવાળીની સાફસૂફીમાં નોકરે ગીધનો એ જૂનો માળો ફેંકી દીધો હતો. અમે તે જગ્યાએ ઝરૂખામાં એક કાગડાનો જૂનો માળો મૂક્યો અને આશ્ચર્ય સાથે લગ્ગડની જોડી પાછી કામે લાગી ગઇ. તુરૂમ્તી પણ આવી રીતે બીજાં પક્ષીનો માળો પચાવી પાડે છે. મારા માનવા પ્રમાણે લગ્ગડ અને તુરૂમ્તીની ઓછી થતી જતી સંખ્યા માટે જંતુનાશકો જવાબદાર ના ગણી શકાય, કારણ કે, બંને બીજભક્ષી પક્ષીઓનો શિકાર કરે છે. લગ્ગડ, કબૂતરો તથા પોપટનો અને તુરૂમ્તી, (Redheaded Merlin) ચકલી અને ચંડૂલનો હા, હમણાંથી શિયાળુ મુલાકાતી સરૂ ચંડૂલ (Short-toed Lark) ની સંખ્યા ઘણી ઓછી થઇ ગઇ છે.

૬૪૧, વાસ્તુનિર્માણ સો. સેક્ટર ૨૨, ગાંધીનગર. ફોન - ૨૩૨૧૧૬

(ક્રમશઃ)

# તેતર વિષે....

મ.કુ. શ્રી હિંમતસિંહજી
(અનુ : ડૉ. બકુલ ત્રિવેદી)

( **શ્રી હિંમતસિંહજીની જીવનઝરમર :** શ્રી હિંમતસિંહજીનો જન્મ ઓક્ટોબર ૧૯૨૮માં ભુજ (કચ્છ) મુકામે થયો હતો. કચ્છના મહારાવ શ્રી વિજયરાજજીના તેઓ સૌથી નાના પુત્ર છે. તેમનું પ્રાથમિક શિક્ષણ ઘરમાં જ થયું હતું. ત્યારબાદ તેઓ રાજકુમાર કૉલેજ,રાજકોટ ખાતે જોડાયા અને ત્યાં સિનિયર કેમ્બ્રીજ સુધીનો અભ્યાસ કર્યો. થોડોક સમય તેઓ રાજકારણમાં રહ્યાં અને કચ્છના પ્રતિનિધિ તરીકે સન ૧૯૬૨થી ૧૯૬૭ સુધી લોકસભાના સભ્ય તરીકેની જવાબદારી અદા કરી.

પરંતુ શ્રી હિંમતસિંહજીનો મુખ્ય શોખ હતો, કુદરતનો અભ્યાસ અને તેમાંય સવિશેષ, પક્ષીઓનો. એ તેમનો રસનો વિષય હતો, જે તેઓને વારસામાં મળ્યો હતો, એવું વિશ્વાસપૂર્વક કહી શકાય. તેઓના વડદાદા શ્રી પ્રજ્ઞામલજી સાચા પક્ષીપ્રેમી હતા અને તેઓએ ઓગણીસમી સદીમાં ભુજમાં પ્રાકૃતિક ઇતિહાસના 'મ્યુઝિયમ'ની યોજના કરી હતી. શ્રી હિંમતસિંહજીના દાદા મહારાવ ખેંગારજી તો ખૂબ જાણીતા પ્રકૃતિવિદ્ હતા. કચ્છના મોટા રણમાં હંજના પ્રજનનની શોધ સન ૧૮૯૩માં તેઓને આભારી છે. તેઓના રાજ્યકાલ દરમ્યાન જ કચ્છનાં પક્ષીઓ ('Birds of Kutch') વિષેનું પુસ્તક પ્રકાશિત થયું હતું. જે સન ૧૯૦૪માં કેપ્ટન સી.ડી.લેસ્ટર દ્વારા પુનરાવલોકન પામ્યું. મહારાવ વિજયરાજજીએ લેસ્ટરના પુસ્તકના પુનરાવલોકન માટે ડૉ. સલીમ અલીને આમંત્રણ આપ્યું. આ સમયે શ્રી હિમતસિંહજી ડૉ. સલીમઅલીના સંપર્કમાં આવ્યા. સમય જતાં તેઓનો સંપર્ક ગાઢ બન્યો. પછી તો ડૉ. સલીમ અલી અવારનવાર કચ્છ આવતા અને પક્ષીઓને વિશિષ્ટ રીતે આંતરી તેમને કડી પહેરાવતા.

શ્રી હિંમતસિંહજી ભાવનગરના સ્વ. ધર્મકુમારસિંહજીથી પણ પરિચિત હતા. વળી, જસદણના દરબારસાહેબ શિવરાજકુમાર ખાચર અને શ્રી લવકુમાર ખાચર સાથે સારી એવી મૈત્રી ધરાવતા. હિંગોળગઢની મુલાકાત તેમણે ઘણીયે વાર લીધેલી. શ્રી શિવરાજકુમારજીના નિધન બાદ 'W.W.F.', રાજકોટનું પ્રમુખ પદ તેઓએ ચાર વર્ષ સંભાળ્યું હતું.

શ્રી હિંમતસિંહજી પક્ષીઓની વર્તન- ભાતના (behaviour) વિશેષ અભ્યાસી છે. તેઓએ કચ્છમાં નવી-નવી પક્ષીઓની જાતિઓની નોંધ કરી છે તેમાંયે કૃષ્ણરાજ (Haircrested Drongo) ની શોધ નોંધનીય છે. JBNHS અને ન્યૂઝ લેટરમાં તેઓની વિદ્વતાપૂર્ણ નોંધ અને લેખો છપાયા છે, જે પક્ષીનિરીક્ષકો માટે સારું એવું માર્ગદર્શન પૂરું પાડે છે.

કચ્છમાં, પ્રકૃતિમાં રસધરાવતા સૌ કોઇ માટે તેઓ અસાધારણ પ્રેરણા-સ્રોત છે અને ઊગતાં પ્રકૃતિપ્રેમીઓને પ્રકૃતિના અભ્યાસમાં વિના સંકોચ વિશિષ્ટ પ્રોત્સાહન પૂરું પાડે છે. - ***સંકલન : શાંતિલાલ વરૂ)***

મેં જે થોડાં પક્ષીઓનો બંધનાવસ્થા (captivity) તથા મુક્ત અવસ્થામાં (wild) અભ્યાસ કર્યો છે , તેમાં તેતરનો (Grey Partridge) પણ સમાવેશ થાય છે. ભલે તેઓ એકગામી જોડી(monogamous pair ) બનાવતા હોય, પણ ૪ થી ૮નાં જૂથમાં (covies) પણ શાંતિથી રહી શકે છે, જેમાં દરેક જાતિનાં (sex) બે કે ત્રણથી વધારે પક્ષીઓ હોય છે. પ્રજનનની ઋતુમાં પણ આ જૂથ તૂટતાં નથી. ઇંડાં મૂકવાની શરૂઆત ફેબ્રુ/માર્ચમાં થાય છે જે એપ્રિલ/ મેમાં પૂર જોશમાં હોય છે. મેં અત્યાર સુધીમાં ઇંડાંની સંખ્યા (clutch size) ૫ થી ૮ ની જોઇ છે. ઇંડાં તેના સાંકડા ભાગમાં થોડાં અણીદાર હોય છે. કેટલાંક ઇંડાં થોડાં ચમકતાં હોય છે, પણ મોટાભાગનાં ઝાંખાં હોય છે. રંગ આછા બદામીથી માંડી મેલો ધોળો હોય છે. તેમાં જૂજ નાનાં સફેદ ટપકાં (કદાચ કેલ્શિયમને લીધે) બાદ કરતાં કોઇ વિશેષ ભાત (design) હોતી નથી.

જોડીઓ અને જૂથો અમુક સિમીત વિસ્તારમાં ખોરાક માટે ફર્યા કરે છે, ખાસ કરીને સવારે અને સાંજે. તેઓ પોતાની સીમા (territory) બાંધે છે જેમાં બીજા જૂથનાં પક્ષી દાખલ થાય તો ભગાડી મૂકે છે. જુદાં જુદાં જૂથ કે જોડીઓ વચ્ચે કોઇ સંબંધ હોતો નથી. ભગાડવાની શરૂઆત ખાસ પ્રકારના અવાજ અને ચેષ્ટાઓથી થાય છે. જરૂર પડે તો મોટે ભાગે નર પક્ષીઓ વચ્ચે લડાઇ પણ થઇ જાય. આ વર્તન પ્રજનન-કાળ દરમિયાન વધુ જોવા મળે છે.

તેતર આમ તો આખું વરસ સંભળાયા કરતું હોય છે, પણ જ્યારે પ્રજનનની ઋતુ નજીક આવે એટલે કે, જાન્યુ. દરમિયાન તે વધુ બોલકું બની જાય છે. તેના જે બે પ્રકારના અવાજ સંભળાય છે તે નર-માદાનો સંયુક્ત પ્રયાસ હોય છે. નરના લાંબા 'કોલ'ની સાથે માદાનું એકધારું 'ટી....ટી...' ભળતાં જુગલબંધી સર્જાય છે.

તેતરના અવાજ વિષે વાત કરતાં મને એક પ્રસંગ યાદ આવી ગયો. બી.એન.એચ.એસ. પાસે જાપાનીઝ 'મીસ્ટ નેટ' નવી નવી આવી હતી. તેનો પહેલો ઉપયોગ ૧૯૫૯માં કચ્છમાં ભુજ પાસે 'રીંગીંગ'ના એક 'પ્રોજેક્ટ' માટે કરવાનો હતો. ટીમનું નેતૃત્વ સ્વાભાવિક રીતે ડૉ. સલીમ અલી કરતા હતા. મી. ઝાફર ફતેહઅલી પણ જૂથમાં સામેલ હતા.

અમે જ્યારે જાળ ગોઠવવા માટેના થાંભલા રોપી રહ્યા હતા ત્યારે જ નજીકમાંથી તેતરનો અવાજ આવ્યો. મેં શ્રી સલીમ અલીને કહ્યું, ''આપણે જે સાંભળ્યુ તે નર-માદાની જુગલબંધી હતી.'' ફરી મેં વચ્ચેના 'ટી....ટી....'નો નિર્દેશ કરીને કહ્યું કે, ''આ અવાજ માદાનો છે.'' શ્રી સલીમ અલીએ તરત જ કહ્યું કે, ''તમે આ 'જર્નલ' માં લખીને મોકલાવો.'' ત્યારબાદ 'J B N H S Vol.56, No.3' માં તેતરના વિવિધ અવાજ વિષે મેં લખેલો લેખ પ્રસિધ્ધ થયો. ત્યાં સુધી એવી જ માન્યતા હતી કે માત્ર નર જ બોલે છે.

પ્રજનન ઋતુ દરમિયાનના વર્તનની વધુ વાત કરું તો, માદા ઇંડાં મૂકવાની હોય ત્યારે, ભલે તે જોડીમાં હોય કે જૂથમાં હોય, પોતાની મેળે માળા માટેની યોગ્ય જગ્યાની શોધ ચલાવે છે. જગ્યા સામાન્ય રીતે ઝાડીમાં અથવા ઘાસથી ઢંકાયેલી હોય છે. માદા આછું પાતળું ખોદીને છીછરો ખાડો બનાવે છે. સામાન્ય રીતે થોડાં પાંદડા અને ઘાસ તેની સપાટી પર હોય છે. જગ્યા ખુલ્લી પણ હોઈ શકે. માદા, માળો બનાવવાનો એવો કોઇ ખાસ પ્રયત્ન નથી કરતી. આજુબાજુનું ઘાસ પણ તેના શરીરના વજનથી દબાઇને જમીન ઉપર એક આવરણ બનાવી દે છે. આ પ્રક્રિયા દરમિયાન તે વારંવાર ચાંચથી ઘાસનું તણખલું તોડી તેની પીઠ પર નાખ્યા કરે છે. ઇંડાં મૂકવાની પ્રક્રિયા દરમિયાન તે પોતાના જૂથથી અલિપ્ત રહે છે. તે દરરોજ બપોરે ૩ થી ૪ દરમિયાન એક ઇંડું મૂકે છે. દરેક વખતે ઇંડું મૂકી તે માળાથી દૂર જતી રહે છે. ઇંડાં મૂકાઇ જાય પછી સેવવાનું ચાલે છે. જે ૧૮ દિવસ ચાલે છે. આ દરમિયાન માદા સ્થિર માળામાં બેસી રહે છે, નજીક જઇએ તો પણ માળો છોડવા તૈયાર નથી હોતી. તેના આ અભિયાન વખતે નર અથવા જૂથના કોઇ સભ્ય ત્યાં ફરકતા પણ નથી.

પછીના તબક્કામાં બચ્ચાં ઇંડાંમાંથી બહાર નીકળે છે. ૧૮ દિવસ પછી જ્યારે બચ્ચાં બહાર આવે છે ત્યારે તેની શરૂઆત સાંજે થાય છે. રાત દરમિયાન બધાં ઇંડાંમાંથી બચ્ચાં બહાર આવે છે. બીજે દિવસે સવારે મા, બચ્ચાંને દોરીને માળાથી દૂર નીકળી જાય છે. હવે નર તથા જૂથનાં બીજાં પક્ષીઓ પણ વાલીની ફરજ બજાવવા આવી જાય છે. જૂથમાં નવા મહેમાનો સ્વીકારાઇ જાય છે. બિલાડી કે કોઇ શિકારી પક્ષી નજીક આવે તો મા-બાપ તથા જૂથના અન્ય વાલીઓ ભયજનક ચેતવણી આપતો અવાજ કરે, એટલે બચ્ચાં પોતાની જગ્યાએ સ્થિર થઇ જાય અને નીચા નમી જાય. વડીલો આવે ત્યાં સુધી તેઓ એ જ સ્થિતિમાં રહે છે. બચ્ચાં આમ મા-બાપ સાથે કે જૂથમાં જ રહે છે. એક વાર મોટાં થઇ જાય એટલે તેમને જૂથમાંથી તગેડી મૂકાય છે. આવાં તગેડી મૂકાયેલાં પક્ષીઓ ભેગાં થઇ પોતાના જૂથ બનાવે છે. આ પણ કુદરતી છે અને પ્રકૃતિ કદાચ એ ધ્યાન રાખે છે કે પ્રજનન નાના જૂથમાં અંદર અંદર ના ચાલ્યા કરે. ઘણીવાર આવા કુટુંબમાં બચ્ચાંનાં બે-બે જૂથ પણ ઉછેરાય છે.

*જ્યુબીલી ગ્રાઉન્ડ, ભુજ-૩૭૦૦૦૧*

### જાંબુઘોડામાં 'હોબી'

તા. ૨૩-૨૪ ઓક્ટો., હું જાંબુઘોડા અભયારણ્યમાં હતો. વનખાતા તરફથી 'જૈવિક વૈવિધ્ય ની સાચવણીમાં યુવાનોનો ફાળો' એ વિષય પર એક પરિસંવાદમાં ભાગ લેવાની તક મળી હતી.

૨૩મીના રોજ સાંજના સમયે, પરિસંવાદનું સમયપત્રક પૂરું થયા પછી હું પક્ષીનિરીક્ષણ માટે નીકળ્યો. માંડ અડધો-પોણો કલાક બચ્યો હતો. 'ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ' પાસેના જળાશયને ફરતો આંટો મારવાનું નક્કી કર્યું. મારી સાથે શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા હતા. અડધે રસ્તે એક નાના કદનું શિકારી પક્ષી કિનારાના ઝાડ પર બેઠેલું જોયું. ઓળખી શકાયું નહીં. થોડું આગળ જતાં અમે ચાર-પાંચ એવાં જ નાના કદનાં શિકારી પક્ષીઓને પાણીની સપાટી થી ૩ થી ૫ ફૂટ ઊંચે આમથી તેમ ઊડાઊડ કરતાં જોયાં. શિકારી પક્ષીઓને આમ વા-બગલીની (Tern) જેમ પાણીની સપાટી પર ઊડતાં જોઇને આશ્ચર્ય થયું. તેઓ ઊડતી જીવાત, ખાસ કરીને વાણિયાનો શિકાર કરતાં હોય તેવું લાગ્યું. તેમાંનું એક પક્ષી કિનારે જમીન પર આવીને બેઠું. ધીમે ધીમે તેની નજીક સરકીને, લગભગ ૧૦ ફૂટના અંતરેથી તેને ધ્યાનથી જોયું અને શરીરનું વર્ણન બરોબર યાદ રાખી લીધું. દસેક મિનિટમાં બધાં પક્ષીઓ જતા રહ્યાં. આરામગૃહમાં આવીને સલીમઅલીની 'Book of Indian Birds' માં જોયું અને તે પક્ષીને ઓળખ્યું. તે ધોતી (Hobby) હતું.

૨૫-૧૦-૯૯ના રોજ વહેલી સવારે ચાલવા નીકળ્યો ત્યારે ખેતરના રસ્તે વીજળીના તાર પર નાનો લક્કડખોદ (Marattha Woodpecker) બેઠેલો જોયો. તાર પર આ પક્ષીને બેઠેલું જોઇને મને નવાઇ લાગી. આ પહેલાં કોઇ લક્કડખોદને મેં વીજળીના તાર પર બેઠેલો જોયો ન હતો.


*ડૉ. બકુલ ત્રિવેદી*

*૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫.*


### થોરિયા લેલાનો પ્રજનન કાળ

સુરેન્દ્રનગરથી ૪૦ કિ.મી. દૂર મૂળી તાલુકાનું ઉમરડા ગામ છે. આ વિસ્તાર 'પાંચાલ' વિસ્તાર તરીકે પણ ઓળખાય છે. આ વિસ્તારમાં મારા એક ખેડૂતમિત્રોની વાડીમાં તા. ૨૪-૧૦-૯૯ના રોજ થોરિયા લેલા ના (Common Babbler) બે માળા જોયાં. એક માળો બોરડીના ઝાડ પર આશરે જમીનથી ૧૨-૧૩ ફૂટ ઊંચે હતો. તેમાં આસમાની રંગનાં બે ઇંડાં હતાં, જે મા-બાપ બંને વારાફરતી સેવતાં હતાં. બીજો માળો ખાખરાનાં ઝાડમાં લગભગ ૧૭ થી ૨૦ ફૂટ ઊંચે હતો. તેમાંનાં ઇંડાં જોઇ શકાતાં ન હતાં, પણ પક્ષી માળો છોડતું ન હતું.

મેં, જૂન મહિનામાં પણ થોરિયા લેલાના માળા અને ઇંડાં વઢવાણ તાલુકાના માળોદ ગામે જોયાં હતાં. તો શું આ પક્ષીઓનો પ્રજનન-કાળ આટલો લાંબો હશે?

અમારા વિસ્તારમાં 'થેગ' વેચવાવાળા ઘણા આવે છે. અમારા એક મિત્ર પાસે એક 'થેગ'વાળો પાંખો તોડેલી ચેતવા (Garganey) બતક લઇને આવેલો, પરંતુ અફસોસ કે અમે લોકો થોડા મોડા પહોંચ્યા અને એ 'થેગ'વાળો શિકાર-ચોર ભાગવામાં સફળ રહ્યો. (પત્ર : ૧૩-૧૧-૯૯)


*ચિંકુ વોરા*

*લક્ષ્મીપરા, દૂધરેજ રોડ, સુરેન્દ્ર નગર-૩૬૩૦૦૧*


### ફડક ફૂત્કીનો માળો

વ્યારી-૧ ડેમના પાળાની બહાર બારે માસ ચિયા (Reeds), લીલા જોવા મળે છે (કદાચ પાણી મળવાને લીધે). તા. ૨૮-૭-૯૯ના રોજ સવારે આ જગ્યાએ ફડક ફૂત્કી (Ashy Wren-Warbler) નો ઊંચો સૂર સંભળાયો. તે ચાંચમાં જીવડું પકડીને બાવળ પર બેઠી હતી. પછી નીચે ચિયામાં જતી રહી. ચિયાની આસપાસ પાણી તથા કાદવ હતાં. ધ્યાનપૂર્વક તપાસ કરતાં મને તેનો માળો દેખાયો.

ચિયામાં જમીનથી એક ફૂટ ઉપર ચિયા સાથે ગૂંથેલો માળો હતો. તેમાં ચાર ઇંટીયા લાલ રંગનાં ઇંડાં જોયાં. લંબગોળ માળો ઘાસ, રેસા અને રૂથી ગૂંથીને બનાવેલો હતો.

ફરી ૭-૮-૯૯ના રોજ તપાસ કરતાં તેમાં ચાર બચ્ચાં જોયાં. ડૉ. સલીમ અલીની 'ધ બુક ઓફ ઇન્ડીયન બર્ડ્ઝ' માં જોતાં તેમાં આ પક્ષી બે પ્રકારના માળા બનાવે છે તેવો ઉલ્લેખ હતો. (૧) દરજીડાની જેમ માળા સીવીને અને (૨) નીચા છોડવામાં પાંદડાના સહારે રેસાઓ અને કરોળિયાનાં જાળાં ગૂંથીને બનાવેલો લંબગોળ માળો. નોંધમાં પાણીની આસપાસ કે ચિયામાં માળો બનાવે છે તેવો ઉલ્લેખ નથી.

ફડક ફૂત્કી હવે માળો બનાવવા વધુ સલામત સ્થળની પસંદગી કરતી થઇ છે તેમ કહી શકાય?

### પીળીચાંચ ઢોંકની માળા-વસાહત

ઓખા જેટીથી દોઢેક કલાકની 'મશીન-બોટ'ની સફર પછી બેટ દ્વારકાનો જે છેડો છે તે, 'ડની પોઇન્ટ' પર પહોંચાય છે. ત્યાંથી બોટમાં દબદબા અને માન-મરોડી ટાપુઓ પર જઇ શકાય.

તા. ૨-૧૦-૯૯ના રોજ મરોડી ટાપુ પર પીળીચાંચ ઢોંકની (Painted Stork) સુંદર માળા-વસાહત જોઇ. ટાપુ નજીક 'બોટ' પહોંચતાં વિક્ષેપ થયેલા લગભગ ૧૭૫ પક્ષીઓ આસપાસ ઊડવા લાગ્યા. આ ઢોંક સામાન્ય રીતે ઊંચા ઝાડ પર માળા બનાવે છે, પરંતુ આ ટાપુ પર દાંડલિયા થોર ઉપર સાંઠકડા ગોઠવીને માળા બનાવ્યા છે. દરેક માળામાં બચ્ચાં હતાં, જે ખોરાકની રાહ જોતાં કિકિયારી કરતાં હતાં. બચ્ચાંનાં કદ જુદાં જુદાં હતાં. અન્ય પક્ષીઓમાં માત્ર કાગડા હતા. શું કાગડા બચ્ચાંનો શિકાર કરતા હશે?

### સ્નાનાગાર સંકુલમાં તારપૂંછ તારોડિયાનું પ્રજનન



તસવીર : ભૂષણ પંડ્યા

સરદાર પટેલ સ્નાનાગાર, રાજકોટમાં સપ્ટે. - ઓક્ટો. '૯૮માં તરતી વખતે તારપૂંછ તારોડિયાને (Wiretailed Swallow) ઊડતું અને તાર પર બેસતાં જોયું હતું. તપાસ કરતાં 'ફિલ્ટરહાઉસ' ની પરસાળમાં છતથી થોડે નીચે ખરબચડા પ્લાસ્ટરવાળી દીવાલ પર માટીનો 'કપ' આકારનો માળો જોયો. માળાને મજબુતાઇ આપવા તેમાં તણખલાનો પણ ઉપયોગ થયેલો જોયો. આ વખતે તેમાં ઇંડાં કે બચ્ચાં ન હતાં.

સ્નાનાગારના 'કોચ' શ્રી બંકિમ જોષીને પક્ષીઓમાં રસ હતો અને તેમને આ માળાની જાણ હતી. વળી સ્નાનાગારના અન્ય કર્મચારી વર્ગ મારફતે તેઓ વિગત મેળવતા રહેતા.

આ વર્ષે તેઓને સમાચાર મળ્યા કે, માળામાં બે બચ્ચાં છે. અમે ૧૦-૧૦-૯૯ના રોજ ત્યાં જઈને અવલોકન કર્યું. પક્ષી દર ૫ થી ૭ મિનિટે આવી ઊડતાં ઊડતાં જ બચ્ચાંને ખવડાવી જતું. માળા પાસે પક્ષી આવે તે પહેલાં બહાર થાંભલા પર બેસી અવાજ કરતું. અવાજ સાંભળતાં જ બચ્ચાં મોઢું ફાડી તૈયાર રહેતાં. માણસની અવરજવરથી ટેવાયેલાં બચ્ચાં, નજીક જવાથી વિક્ષેપ પામતાં ન હતાં, તેમજ પક્ષી પણ ખવડાવવાનું ચાલુ રાખતાં. અમે બીજાં બચ્ચાં છે કે નહીં, તે જોવા નજીક ગયા ત્યારે એક મોટું બચ્ચું માળાની બહાર ઊડી ગયું. તારોડિયું તેની પાછળ જઇ ચાંચમાં ચાંચ મારી તેને પાછું માળામાં લાવવાનો પ્રયત્ન કરતું હોય તેવું લાગ્યું. દસેક મિનિટ બાદ બચ્ચું પાછું માળામાં ગોઠવાયું.

ફરી ૧૩-૧૦-૯૯ના રોજ હું, જય આચાર્ય તથા શ્રી ભૂષણ પંડ્યા માળાની તસવીર લેવા ગયા. મેં દૂરબીનથી એક બચ્ચાને ઊંધું ફરી માળાની બહાર ચરકતાં જોયું. શ્રી ભૂષણભાઇએ નાનાં બચ્ચાંને મળ દ્વારમાંથી રૂ જેવો પદાર્થ કાઢતાં જોયું, જે પક્ષી ચાંચમાં લઇને ઊડી ગયું. જયે કહ્યું, ''ખોરાક ખવડાવવા માટે માત્ર માદા જ આવે છે. જ્યારે માદા ખોરાક લેવા જાય ત્યારે નર માળાની આસપાસ રહીને ચોકી કરે છે.''

દસેક દિવસ પછી સમાચાર મળ્યા કે, એક સફેદ છાતી કલકલિયો (Whitebreasted Kingfisher), જે બચ્ચું માળાની બહાર પક્ષી સાથે ઊડતું હતું તેને ચાંચમાં પકડીને બત્તીના થાંભલા પર બેઠો હતો. થોડીવાર પછી ત્યાંથી ઊડીને સંકુલની બહાર 'સબસ્ટેશન'ના થાંભલા પર બેસી થાંભલા પર બચ્ચાંને પછાડીને તેને ગળી ગયો.

*અશોક મશરૂ*

*'વાસુદેવ' ૧૫, ભક્તિનગર સોસાયટી, રાજકોટ - ૩૬૦૦૦૨.*

❖ ❖ ❖

### બુલબુલનો હરતો-ફરતો માળો

બુલબુલે અંતરિક્ષ અનુસંધાન કેન્દ્રની (Space Application Centre) 'સ્ટાફ-બસ' માં માળો બનાવ્યો હતો. મે, ૧૯૯૬ના પહેલા અઠવાડિયામાં, બસની અંદર પાછળના ભાગમાં સામાન મૂકવાની છાજલી (rack) પર બનાવેલા આ માળા પર અમે બુલબુલને બેઠેલી જોઇ. બસ સામાન્ય રીતે 'સેક' (SAC) ના પટાંગણમાં ઊભી રહેતી. સવારે અને સાંજે એમ દિવસમાં બે વાર કર્મચારીઓ લાવવા-લઇ જવા માટે તે શહેરમાં જતી.

બે-અઢી કલાક બસ બહાર ફરતી તે દરમિયાન પ્રવાસીઓની અવર-જવરની દરકાર કર્યા સિવાય પક્ષી માળા પર બેસી રહેતું ! ૧૨ મે ૧૯૯૬ના રોજ માળામાં ચાર ઇંડાં જોવાં મળ્યાં. બસના ચાલકે તેમાંથી બે બચ્ચાં નીકળ્યાં હોવાનું જણાવ્યું. બસ જ્યારે તેની જગ્યા પર પાછી આવી જતી ત્યારે બીજો સાથી પણ ત્યાં આવી જતો. કદાચ આ જોડીએ પ્રજનનના એક કરતાં વધુ પ્રયત્ન કર્યા હશે તેવું લાગ્યું. કારણ કે, જુલાઇ સુધી પક્ષી માળામાં જોવા મળ્યું. આ જ બસમાં બીજા ત્રણ જૂના માળા, સામાન મૂકવાની છાજલી પર જ જોવા મળ્યા. આ જ જોડીના અથવા બીજી જોડીના હશે.

માળાની રચના, પુસ્તકમાં બુલબુલના માળાનું જે વર્ણન છે તે પ્રમાણે જ હતી માત્ર તેની જગ્યા અસામાન્ય હતી (JBNHS, vol. 95 - 1998 માં પ્રસિધ્ધ થયેલું.)

*ડૉ. અબ્દુલ જામિલ ઉર્ફી, કેશુભા જેઠુઆ*

*'સુંદરવન', એસ.એમ.રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૧૫.*

❖ ❖ ❖

### પક્ષીઓમાં સમયપાલન

કુદરતના આ નિર્દોષ જીવો સમયપાલનમાં કેટલા શિસ્તબધ્ધ છે ? કરકરાની (Demosille Crane) છેલ્લા પાંચ વર્ષની ભાવનગરમાં આગમનની નોંધ નીચે મુજબ છે.

| વર્ષ | આગમનની તારીખ |
|---|---|
| ૧૯૯૫ | ૧-૯-૯૫ |
| ૧૯૯૬ | ૫-૯-૯૬ |
| ૧૯૯૭ | ૧૪-૯-૯૭ |
| ૧૯૯૮ | ૫-૯-૯૮ |
| ૧૯૯૯ | ૫-૯-૯૯ |

૮-૯-૯૯ ના રોજ રૂવાની સીમમાં ત્રણ ધોળી વાબગલી (Gullbilled Tern) ને ડૂબકી મારીને ઊભા પાકમાંથી કેલારી, તીડ પકડતાં જોઇ હતી. ગયા વર્ષે પણ આ દ્રશ્ય જોવા મળ્યું હતું.

'ચાતક', 'બપૈયા' હજુ અહીં છે. (૯-૯-૯૯ નો પત્ર).

છેલ્લા દસ વર્ષથી ભાવનગરમાં સફેદપીઠ ગીધ (White-backed Vulture) તથા ખેરો (Scavanger Vulture) દેખાતા નથી. 'ગધેડીયા ફીલ્ડ' ની આસપાસના બંગલાના પ્રાંગણમાં ખાસ કરીને તાડનાં ઝાડ ઉપર તેના માળા જોવા મળતા. મહદ્ અંશે લોકો આ પક્ષીને અપશુકનિયાળ માનતા હોઇ તેમણે આ ઝાડ કપાવી નાખ્યાં. વળી આ જમીન હવે બહુમાળી મકાનો બનાવવા માટે વેચાવા માંડી તેથી પણ ઘણાં ઝાડ કપાયાં. (૯-૯-૯૯ નો પત્ર)

લટોરો (Rufousbacked Shrike) જે અહીં યાયાવર તરીકે આવે છે, તે ઢગલાંબંધ આવી ગયાં છે. (૯-૯-૯૯ નો પત્ર).

*નવનીત ભટ્ટ*

*૨૪, માતૃસ્મૃતિ, બેંક સોસાયટી, સુભાષનગર, ભાવનગર-૩૬૪૦૦૧*

❖ ❖ ❖

ચોમાસાના પાછળથી પડેલા વરસાદે અમારા અમરેલી જિલ્લામાં ફરી હરિયાળી લાવી દીધી. છેલ્લાં કેટલાંય વર્ષોમાં ન જોવા મળ્યાં હોય એટલી મોટી સંખ્યામાં વૈયાંનાં (Rosy Pastor) ટોળેટોળાં મગફળીનાં ખેતરોમાં જોયાં. આકાશમાં જાણે કાળી વાદળી પસાર થતી હોય તેમ એક સાથે ટોળામાં ઊડતાં, વૈયાંને જોવાં, એક લહાવો બન્યો. જુદા જુદા વિસ્તારોના પક્ષીમિત્રોને આ બાબતે પૂછતાં, તેઓએ પણ વૈયાંની મોટી સંખ્યાની બાબતમાં સમર્થન આપ્યું. (૧૧-૧૦-૯૯નો પત્ર).

૧૨ સપ્ટે. ૯૯ થી કરકરા (Demosille Crane) આકાશમાં વિહરતા અને અવાજ કરતા માણ્યા.

*સુરેશ નાકરાણી*

*'નિસર્ગ', નિલકંઠ પાર્ક, મુ. કુકાવાવ, જિ.અમરેલી-૩૬૫૪૫૦*

❖ ❖ ❖

### દૈયડનો ઘરસંસાર

૧૯૯૮નો મે મહિનો. મારા બાગમાં મેં બાંધેલી વિવિધ માળા - પેટીઓમાંથી એકાદ પસંદ કરવા નર દૈયડ અવારનવાર નિરીક્ષણ કરતો હતો. બરાબર અવલોકન કરવામાં તેણે થોડા દિવસ વિતાવ્યા. પછી માદા પણ ક્વચિત્ આવવા માંડી. માદા કોઈ માળાપેટી પર બેસે કે અંદર જાય ત્યારે નર આજુબાજુની ડાળી પર બેસી તેનું મીઠું ગાન અચૂક ગાતો.

આ આવનજાવન અને તપાસ ઘણા દિવસ ચાલ્યાં. અંતે માદાએ એક માળાપેટી પસંદ કરી. જાણે પોતાની ખુશી વ્યક્ત કરતો હોય તેમ નરે, પાંખો અંધખુલ્લી કરી, મસ્તક ઉન્નત રાખી, પૂંછડીનો પંખો બનાવી ગાવાનું શરૂ કર્યું. તેની અદા જોવા જેવી હતી. હવે માદાએ ઘર વસાવવાનું શરૂ કર્યું. રોજ રાચરચીલું લાવવા માંડી.

માળો બાંધવાનું કામ એકલી માદા જ કરતી. સવારે તે વધારે મહેનત કરતી. દિવસ દરમ્યાન શાંત રહેતી. નરનું કામ ફક્ત ચોકી કરવાનું. તેણે નાની સળી પણ કોઈ દિવસ લાવી આપી ન હતી. આખો દિવસ છાતી ફુલાવી ગીત ગાતાં ગાતાં ઘરની રખેવાળી કરતો. ખિસકોલી, પોપટ, ચકલી કે હોલું માળાપેટી નજીક ફરકે તો સીધો જ તેમના પર ત્રાટકી તેમને ભગાડતો. કાગડો કે કુકડિયા કુંભાર જેવાં મોટાં પંખી આવે તો પાંખો ફફડાવી જોરથી ગાતો, પણ હુમલો કરતો નહીં.

માદા પેટપૂજા માટે માળો છોડી બહાર જતી ત્યારે કોઇ કોઇ વાર નર માળામાં જઇ આવતો. બાકી ઇંડાં સેવવાની જવાબદારીમાં ક્યારેય તેણે ભાગ લીધો નહી. દસેક દિવસનાં વહાણાં વાયા બાદ માદાએ બચ્ચાંઓ માટે ખાવાનું લાવવાનું શરૂ કર્યું. તે કામ પણ એણે એકલેપંડે જ કર્યું. નર જવલ્લે જ બચ્ચાં માટે ખોરાક લાવતો. અવારનવાર બચ્ચાંની ભાળ કાઢવી અને સતત તેમની રખેવાળી કરવી એ જ તેનું કામ રહેતું.

આવી કાળજીભરી સંભાળ છતાં એક દિવસ તેમનાં બચ્ચાં કોઈનો શિકાર બની ગયાં. દૈયડની જોડીએ માળાપેટી પાસે આવવાનું બંધ કરી દીધું. પંદરેક દિવસ બેમાંથી કોઇ મારા બગીચામાં ન ફરક્યાં. પછી નરે એકલાએ આવવાનું શરૂ કર્યું. માદા પણ આવવા માંડી. પણ ફરી માળો ન કર્યો.

### બગોદરા પાસે માળા-વસાહત

તા. ૨૬-૬-૯૯ના રોજ પાલીતાણા જવાનું થયું. બાવળાથી બગોદરા તરફ, અમદાવાદથી ૪૨ કિ.મી. દૂર, રસ્તાની જમણી બાજુ, પાણી ભરાયેલાં ખેતરોની વચ્ચે આવેલા ત્રણ મોટાં ખીજડાનાં ઝાડ પર માળા-વસાહત જોઇ. લગભગ 'સો'ની સંખ્યામાં ધોળી કાંકણસાર (White Ibis), તેટલી જ સંખ્યામાં ફાટીચાંચ ઢોંક (Openbill Stork) અને થોડી ઓછી સંખ્યામાં બગલા (Egrets) માળા બાંધવાની પ્રવૃત્તિમાં મશગૂલ હતા. ફરી ૧૧-૭-૯૯ના રોજ અમે જોયું કે, ત્રણે ઝાડ ઉપર રહેણાંકની વહેંચણી થઇ ગઇ હતી. એક પર સફેદ કાંકણસારના માળા હતા, બીજા (વચ્ચેનાં) પર ફાટીચાંચ ઢોંક તથા થોડા બગલાના માળા તથા ત્રીજા પર બગલાના માળા હતા.

### બદામી રણગોધલા (Indian Courser) ની વિશાળ સંખ્યા

તા. ૨૬-૬-૯૯ ના રોજ પાલીતાણા જતાં રસ્તામાં વલભીપુર આગળ, 'વેળાવદર' અભયારણ્યમાં જવાની લાલચ રોકી ન શક્યો. અભયારણ્ય તથા આસપાસના વિસ્તારમાં શરૂઆતનો વરસાદ સામાન્ય હોવાથી હરિયાળી છવાયેલી હતી. સમયની મર્યાદા હોવાથી અભયારણ્યમાં એક ચક્કર તેના 'સરક્યુલર રૂટ' પર લગાવ્યું. વિશ્રામગૃહથી ઉત્તરે અડધા કિ.મી.ના અંતરે આવતા વળાંક પાસે જુદી જુદી પાંચ જગ્યાઓએ ખડમોર (Lesser Florican) જોયાં.

વિશ્રામગૃહ અને કર્મચારીઓનાં રહેણાંકથી પૂર્વમાં પડતા ખૂણા પાસે એક સાથે ૫૦૦ થી ૭૦૦ની વિશાળ સંખ્યામાં બદામી રણગોધલા જોયાં. મનભાવતા ખોરાકની વિપુલતા તેમને અહીં ખેંચી લાવી હશે એવું લાગ્યું. કોઇ માળા ન દેખાયા. બે દિવસ પછી પાલીતાણાથી અમદાવાદ પાછા ફરતાં, ફરી એક ચક્કર વેળાવદર અભયારણ્યમાં માર્યું. સવારના સમયે ફરી આ પક્ષીની ગણતરી કરી ૫૦૦ થી વધુ થયાં. આટલી મોટી સંખ્યામાં બદામી રણગોધલાને જોઇને નવાઇ લાગી.

*ડૉ. આર.બી.બલર, ડૉ. રેખા બલર*

*૧૦ એ, સ્વીટહોમ સોસાયટી, શ્રેયસ ટેકરા પાસે, આંબાવાડી, અમ-૧૫.*

### કચ્છમાં કાળા ઢોંક (Black Stork) ની અવલોકન નોંધ

| તારીખ | સ્થળ | પંખીની સંખ્યા |
|---|---|---|
| ૨૫-૨-૭૮ | બાબીયા ડેમ (તા.મુંદ્રા) | ૯ |
| ૨૩-૧૧-૭૮ | ,, | ૭ |
| ૪-૧૨-૮૮ | ગજોડ ડેમ (તા. મુંદ્રા) | ૪ |
| ૨૨-૩-૮૯ | આડવા ટેંક (તા.ભુજ) | ૫ |
| ૨-૪-૮૯ | ખેંગાર સાગર ડેમ (તા.મુંદ્રા) | ૧ |
| ૨-૪-૮૯ | બંદરા ડેમ (તા.ભુજ) | ૧ |
| ૯-૧૧-૮૪ | ધડકો જળપ્લાવિત ક્ષેત્ર (તા.નખત્રાણા) | ૪ |
| ૧૨-૨-૯૫ | બાબીયા ડેમ (તા.મુંદ્રા) | ૧ |
| ૨૨-૨-૯૮ | શેરવો ઢંઢ (બન્ની) | ૨ |
| ૨૨-૨-૯૯ | તા. અબડાસા | ૧ |

### ગીરના જંગલમાં પક્ષીનિરીક્ષણ (૨૦ વર્ષ પહેલાંની વાત)

તા. ૨૩-૪-૮૦ થી તા.૨૭-૪-૮૦ દરમિયાન કંકાઇથી તુલસીશ્યામ અને આજુબાજુ કરેલા પગપાળા પ્રવાસ (૪૦ કિ.મી.) દરમિયાન કરેલા પક્ષીનિરીક્ષણમાં નોંધપાત્ર કહી શકાય તેવાં નીચે મુજબનાં પક્ષીઓ અમે જોયાં હતાં. ગીરની તે સમયની પક્ષીઓની યાદીમાંનાં ૨૬૦ પક્ષીઓમાંથી અમે ૭૧ પક્ષીઓ જોઇ શક્યા હતા. આ પ્રવાસમાં અમે શિંગોળા નદી, મૃગીકુંડ, મગર ગુનો, ભુવા તીર્થ, છોડવડી, બાણેજ, પાતળિયા મહાદેવ, ધામળિયો ધૂનો, કરડોપાન નેસ, અરલ નેસ, ભુતડો નેસ વગેરે સ્થળોને સાંકળી લીધાં હતાં.

ધોળીડોક ઢોંક (Whitenecked Stork)
સાપમાર (Short-toed Eagle)
ચોટલિયો સાપમાર (Crested Serpent Eagle)
મોટી લરજી (Kestrel)
મોટી બટેર (Common Quail)
તપખીરી સંતાકૂકડી (Brown Crake)
વગડાઉ ટિટોડી (Yellow-wattled Lapwing)
મોટો ઘુવડ (Great Horned Owl)
ચાબુક દશરથિયો (Franklin's Nightjar)

[illegible] (Crested Swift)
[illegible] લક્કડખોદ (Pigmy Woodpecker)
[illegible]શિર ચકચકી (Black-crown Finch-lark)
[illegible]શિર પીળક (Blackheaded Oriole)
[illegible] કોશી (Grey Drongo)
[illegible]શિર કાબર (Geryheaded Myna)
[illegible] કચો (Large Cuckoo-shrike)
[illegible] (Tickell's Blue Flycatcher)
[illegible] (Paradise Flycatcher)
[illegible] ફડકફૂદકી (Rufous-fronted Warbler)
[illegible] રામચકલી (Grey Tit)
[illegible] પીળકિયો (Grey Wagtail)

*શાંતિલાલ વરૂ*

*જૂના વાસ, મંદિરવાળો ખાંચો, માધાપર, ભુજ - ૩૭૦૦૨૦.*

◆◆◆

**કચ્છમાં પક્ષીનિરીક્ષણ**

| તારીખ | સ્થળ | પક્ષી | સંખ્યા |
|---|---|---|---|
| ૧-૩-૯૯ | બોચાસર ડેમ (તા. અબડાસા) | કાળો ઢોંક (Black Stork) | ૩ (ઊડતાં) |
| | | ગુલાબી પેણ (Rosy Pelican) | ૮ |
| ૨-૩-૯૯ | પીંગળેશ્વર | મસ્કતી લટોરો (Grey Hypocolius) | ૧ |
| ૮-૫-૯૯ | ચાવડા રખાલ | દૈયડ (Magpie Robin) | ૧ |
| ૧૫-૫-૯૯ | મેડક બેટ | રણચંડુલ (Desert Lark) | ૩ |
| ૫-૬-૯૯ | લેર ડેમ | ચાતક (Pied-crested cuckoo) | ૧ (ઋતુનો પ્રથમ) |
| ૨૪-૬-૯૯ | દેવીસર તળાવ | સારસ | ૨ |
| ૧૦-૭-૯૯ | નળિયા પાસે (શ્રી રઘુવીરસિંહ જાડેજા સાથે) | ખડમોર (Lesser Florican) | ૨ (નર-માદા) |
| | | ઘોરડ (Great Indian Bustard) | ૩ |
| ૨૪-૭-૯૯ | કૂકમા તળાવ (ભુજની પૂર્વમાં) | ભગતડાનો માળો (Coot) મોટીચોટીલી ડૂબકી નો માળો, ૩ ઇંડાં (Greatcrested Grebe) | |
| ૨૪-૭-૯૯ | વાલા ખવાયનું તળાવ (ભુજની પશ્ચિમે) | ભગતડા નો માળો | |

*અશ્વિન પોમલ*

*પોમલ જ્વેલર્સ, વોકળા ચોક, ભુજ - ૩૭૦૦૦૧.*

◆◆◆

**કચ્છમાં ઘોરડ**

૨૯ ઓગસ્ટ '૯૯ના રોજ વિંગાબે, લઠેડી, બુડિયા, લાલા તથા પ્રજાઉ પાસેનાં ઘેનાર ઘાસના મેદાનોની (૬૦૦૦ એકર) મુલાકાત લીધી તે દરમિયાન ૯ ઘોરાડ (GIB) જોયાં. કોઇ ખડમોર (Lesser Florican) દેખાયો નહીં.

*જે.કે. તિવારી, શાંતિભાઈ વરૂ, કવિ તેજ*

◆◆◆

**ચકલી અને વિટામીન**

મારા હીંચકાની પાસે જ એક માટીનું કૂંડું લટકે છે. તેમાં ઘણી વાર ચકલી માળો કરે છે. જ્યારે બચ્ચાં હોય ત્યારે કોઇનો ડર રાખ્યા વિના મા-બાપ વારાફરતી બચ્ચાંને ખવડાવવા દોડ-ધામ કરતાં હોય છે. આ વખતે તેની ચાંચમાં જીવાતને બદલે કોઇક ગુલાબી વસ્તુ જોઇને નવાઇ લાગી. બારીકાઇથી જોતાં ખબર પડી કે બોગનવેલનાં ફૂલનાં રંગીન વજની પાંદડીઓ તોડીને તે પોતાનાં બચ્ચાંને ખવડાવવા લઇ જતી હશે. ફૂલના આ ભાગનો ખોરાક તરીકે ઉપયોગ થતો જોઇ આશ્ચર્ય થયું. વિટામીન પૂરા પાડવાની કુદરતે આ વ્યવસ્થા તો નહીં ગોઠવી હોય ને !?

*દિનુભાઈ દવે*

*સંચાલક, શારદા મંદિર હાઇસ્કૂલ, શ્રેયસ ક્રોસિંગ પાસે, અમદાવાદ-૭.*

◆◆◆

**અમદાવાદમાં રાજપીપળાનો પોપટ**

તા. ૨૮-૧૦-૯૯ના રોજ એલ.ડી. એન્જિનીયરીંગ હોસ્ટેલની પાછળ કાશીરામ હોલની સામે આવેલા બંગલાઓના પ્રાંગણમાં ઊગેલા વિવિધ વૃક્ષોની ટોચ પર બે રાજપીપળાના પોપટ (Large Indian Parakeet) ઊડાઊડ કરતા જોયા. તેમના ખભા પરનો લાલ ડાઘો જોવા ન મળ્યો, પણ તેમનું મોટું કદ અને ઘેરો અવાજ તેમને ઓળખવા માટે પૂરતાં લાગ્યાં. કોઇકના પાંજરામાંથી છૂટેલાં પક્ષીઓ પણ હોઇ શકે.

૩૦-૧૦-૯૯ના રોજ 'ગીર ફાઉન્ડેશન'ની કચેરી (ગાંધીનગર)ની 'લૉન'માં આ ઋતુનો પહેલો દિવાળીઘોડો (White Wagtail) જોવા મળ્યો. ગયા વર્ષે પણ અહીં એક દિવાળીઘોડો જોવા મળ્યો હતો. શું આ વર્ષે જોવા મળેલો દિવાળીઘોડો એ જ હશે ?

૮-૧૧-૯૯ના રોજ થોળના તળાવમાં અન્ય સેંકડો કાદવ ખૂંદનારાં (Waders) પક્ષીઓ તથા બતકો સાથે નોંધપાત્ર કહી શકાય તેવા ગાજહંસ (Greylag Geese) - ૫૪, સફેદ ઢોંક (White Stork) - ૪, ચમચા (Spoonbill) - ૭૦, ગુલાબી પેણ (Rosy Pelican) - ૨૩, કુંજ (Common Crane) - ૫૦, જોવાં મળ્યાં.

*કેતન ટાટુ*

*એ/૩૧, ગોપાલ ટાવર્સ, ગુલબાઇ ટેકરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.*

◆◆◆

**ડાંગ જિલ્લામાં શ્યામશિર કલકલિયો (Black-capped Kingfisher)**

૧૫-૧૧-૯૯ ના રોજ કિલાદ 'કેમ્પ સાઇટ' આગળ અંબિકા નદી પાસે, સવારે ૧૧-૩૦ વાગ્યે હું નદી કિનારે પક્ષીનિરીક્ષણ કરવા નીકળ્યો હતો. કિનારો ખડકાળ હતો અને બંને બાજુએ સારું એવું જંગલ હતું. દૂરબીનમાંથી ચારે તરફ જોતાં એક ઊડતું પક્ષી તેના દ્રષ્ટિક્ષેત્રમાં આવ્યું. મેં તેની સાથે દૂરબીન પણ ફેરવ્યું. તે એક ઝાડની ડાળ પર બેઠું.

(ઝાડ ઓળખી શક્યો નહીં)

તેની માથા પરની કાળા રંગની ટોપીથી હું તરત જ એ પક્ષીને શ્યામશિર કલકલિયા તરીકે ઓળખી શક્યો. પક્ષી તે જગ્યાએ લાંબો સમય બેસી રહ્યું. ત્યારબાદ ઊડીને પાણીની સપાટીની નજીક વાંસની ખુલ્લી ડાળી પર આવીને બેઠું.

*પિયુષ સેખસરિયા*

*એ - ૧૮૦/૨૭, પી.સી.એન.ટી., પૂના - ૪૧૧૦૪૪*

### નવરાત્રિની ખલેલ !

મારા ઘરની સામે જ 'રેલવે સ્ટેશન' છે. ત્યાં પીપળનાં ઘણાં ઝાડ છે. સાંજના સમયે લગભગ ૧૮૦૦ થી ૨૦૦૦ પોપટ (Roseringed Parakeet) ત્યાં રાતવાસો (Roosting) કરવા આવે છે. નવરાત્રિ મહોત્સવ દરમિયાન રાસ-ગરબાની ધમાલ વચ્ચે તેઓ ચેનથી બેસી ન શક્યા એવું લાગ્યું. રાત્રિ દરમિયાન વારંવાર ઊડાઊડ કરતા તથા અવાજ કરતા. (પત્ર : ૧૧-૧૧-૯૯)

### 'પોલ'નું રહસ્ય !

ધારી - દલખાણિયાના રસ્તા ઉપર આવેલા જંગલખાતાના આરામગૃહમાં ધ્વજ-વંદન કરવા માટે એક ૧૨ ફૂટનો 'ગેલ્વેનાઇઝ્ડ પોલ' છે. રોજ સાંજે ૬-૩૦ની આસપાસ રાખોડી રામચકલી (Grey Tit) ત્યાં આવે અને થોડું ગાન કરીને 'પોલ'માં જાય. અમે બપોરના સમયે 'પોલ'ની અંદર નિરીક્ષણ કર્યું, તો તેમાં ક્યાંય માળો ન હતો. તો પક્ષી 'પોલ'ની અંદર કેવી રીતે સ્થિર રહી શકતું હશે ? તે છેક નીચે જમીન પર બેસી જતું હશે ? (પત્ર : ૧૧-૧૧-૯૯)

*અજીત ભટ્ટ*

*યોગીજીનગર, રેલવે સ્ટેશનની સામે, મુ. ધારી - ૩૬૫૬૪૦*

### ડાંગમાં પક્ષીનિરીક્ષણ

તા.૧૧ થી ૧૬ નવે'૯૯ દરમિયાન ડાંગ જિલ્લામાં યુથ હોસ્ટેલ, અમદાવાદ મેઇન યુનિટ તરફથી યોજાયેલા 'ટ્રેકિંગ કેમ્પ' તથા પ્રકૃતિ શિબિરમાં ભાગ લેવાનું થયું. વઘઇ તેમજ મહાલની આજુબાજુનાં ઊંચા ઘટાદાર વૃક્ષો તથા વાંસના જંગલોમાં પક્ષીનિરીક્ષણનો અનોખો લાભ મળ્યો. નોંધપાત્ર કહી શકાય તેવા નીચેનાં પક્ષીઓ જોયાં.

ટપકીલો લક્કડખોદ (Heartspotted Woodpecker)
ઝીણકો લક્કડખોદ (Pigmy Woodpecker)
મોટો લીલો કંસારો (Large Green Barbet)
શ્યામશિર પીળક (Blackheaded Oriole)
ભીમરાજ (Racket-tailed Drongo)
સફેદપેટાળ કોશી (Whitebellied Drongo)
હરિતભાલ હરેવો (Goldmantled Chloropsis)
અધરંગ (Tickell's Blue Flycatcher)
દૂધરાજ (Paradise Flycatcher)
નીલપંખો (Blacknaped Blue Flycatcher)
શ્યામશિર કલકલિયો (Blackcapped Kingfisher)
હરિયલ (Green Pigeon)

*પ્રશાંત શાહ*

*એ-૧૬, સુહાસ એપાર્ટ. ભીમજીપુરા, નવાવાડજ, અમદાવાદ -૧૩*

### વિચિત્ર કિસ્સો

સેન્ટ્રલ એક્સાઇઝમાં 'સુપ્રિન્ટેન્ડન્ટ' તરીકેની ફરજમાં મારે ગોડાઉનો, મકાનો વગેરેનાં નિરીક્ષણ માટે જવું પડતું. તે વખતનો એક વિચિત્ર કિસ્સો યાદ આવે છે.

વિસનગર ગામથી થોડે બહાર એક મહિલા વિદ્યાલય ચાલતું. તેનું જૂનું ડેલીબંધ ખખડધજ મોટું મકાન હતું. તે અવાવરૂ મકાન એક વેપારીએ ગોડાઉન તરીકે મંજુર કરવા અરજી કરેલી. તે તપાસવા હું ગએલો. પહેલા માળે બે ઓરડા હતા. લાકડાની સીડી ચડી અંદર ગયાતો દરેક ઓરડામાં અસંખ્ય મરેલાં કબૂતરો પડ્યાં હતાં. સાચવીને ખાલી જગા જોઇને પગ મૂકવા પડે એટલાં બધાં ! લગભગ બે ટ્રક ભરાયેલ ! એ મૃત કબૂતરો મોટો ભાગે ચત્તાં પડેલાં. પાંખો શરીરને અડેલી. કોઇ કોઇ કબૂતરનો ગળા નીચેનો છાતીનો ભાગ દોઢેક ઇંચ જેટલો કોતરાઇ ગએલો. પણ મોટા ભાગનાં શરીર અકબંધ. મેં ''ખવાઇ'' ગએલો, શબ્દ જાણીને નથી વાપર્યો, કારણ શરીર જોતાં બિલાડી કે બાજ વિ.થી ખવાણાં હોય તેમ ન લાગ્યું. ક્યાંય કબૂતરોએ કરેલ માળા કે ઇંડાં કે તેનાં ફોતરાં પણ નજરે ન ચડ્યાં. નીચેના કે ઉપરના ઓરડાઓને બારણા જેવી મોટી લાકડાની બારીઓ હતી. ઉપરના ઓરડાઓમાં બારીઓની ઉપર 'વેન્ટીલેશન'નાં બે ગોળ કાણાં હતા. ઘણી બારીઓના કાચ ફૂટેલા હતા.

મકાનના કંપાઉન્ડમાં નજીક એક ઊંડો કૂવો હતો, તથા બે મોટાં ઝાડ હતાં, પરંતુ તેના થડ ઉપરથી બિલાડી મકાનમાં આવે તેમ ન હતું. કૂવાની અંદરની દિવાલમાં કબૂતરોના માળા ન હતા કે તેમનાં વસવાટનાં ચિહ્ન ન હતાં.

તૂટેલા 'વેન્ટીલેશન'માંથી કબૂતરો અંદર જાય પછી બહાર નીકળવાનો રસ્તો ભૂલી જાય ને ભૂખ્યાં મરી જાય એવું બને ? કે કૂવાના કોઇ ઝેરી ગેસને લઇને કબૂતરો મરી ગયાં હશે ? એક પણ કબૂતરમાં વાસ આવતી ન હતી. બધાં સુક્કાં હતાં. મકાનમાં પણ ક્યાંય વાસ ન હતી.આવુ કેમ બન્યું હશે ?

*સુરેન્દ્ર રાવળ*

*બી/૧૨, સુબોધસાગર, બી બ્લોક, નવા શારદામંદિર સ્કૂલની બાજુમાં, વજુભાઇ દવે માર્ગ, અમદાવાદ - ૭.*

(કબૂતરો ભૂખમરાથી જ મરી ગએલાં. બીજું કોઇ કારણ દેખાતું નથી. સ્વાનુભવનો એક પ્રસંગ જણાવું. મારે એક નાનો ફ્લેટ હતો. થોડો વખત હું તેમાં રહેલો. પછી તે ખાલી પડી રહેતો. એક સંબંધી બહેનને થોડો વખત માટે મકાન ભાડે રાખવું હતું. અમારો ફ્લેટ પેલાં બહેનને બતાવવા મારા નાનાભાઇનાં પત્ની તેમની સાથે ગએલાં. બધું જોઇ, ફ્લેટ બંધ કરી બંને આવતાં રહ્યાં. વીસ-પચીસ દિવસ બાદ કોઇ નિમિત્તે હું ત્યાં ગયો. અંદર જોયું તો, ચકલા અને ચકલીના સુકાઇ ગએલા મૃતદેહો પડેલા. ફ્લેટ બંધ કરતી વખતે તે નજરે નહીં ચડ્યા હોય અને તે બંધ થઇ ગયા પછી બહાર નીકળવાનો કોઇ રસ્તો જ તેમના માટે ન હતો. ભૂખ-તરસથી મરી ગયાં બિચારાં! ઉપરોક્ત કિસ્સામાં કબૂતરોનું પણ તેવું બન્યું હોવું જોઇએ.- લા.)

### પુખ્ત રાખોડી કોયલ (Indian Plaintive Cuckoo) ને ખવડાવતી પચરંગી શક્કરખોરાની (Purplerumped Sunbird) જોડી

વલસાડ પાસે પારનેરા ગામના એક ઘરના પ્રાંગણમાં, તા.૧૦-૧૦-૯૯ ના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યે અમે પચરંગી શક્કરખોરાની એક જોડીને રાખોડી કોયલને ખવડાવતી જોઇ. રાખોડી કોયલ મોટેભાગે પુખ્ત હતી. ખરેખર તો રાખોડી કોયલની ચીસાચીસને લીધે જ અમારું ધ્યાન ખેંચાયું. એ પક્ષી બચ્ચાની જેમ પાંખો ફફડાવતું વિનવણીભરી ચીસો પાડી રહ્યુ હતું અને ખોરાક માંગી રહ્યું હતું. પચરંગી શક્કરખોરાની જોડી પણ પરિપક્વ વાલીઓની જેમ તેને સંતોષતા હતા અને ખોરાક મેળવવા ખૂબ મહેનત કરતા હતા. ખોરાક કયો હતો તે ઓળખી શકાયો નહીં.

સામાન્ય રીતે કોયલ કુળનું પક્ષી ઊડવાનું શીખતી વખતે માળો છોડે. આ રાખોડી કોયલ ખૂબ સરસ ઊડી શકતી હતી. આંબો, શિરિષ, ભડીનો બોર, આમલી વગેરે વૃક્ષોની ઘટામાં પક્ષી ઊડ્યા કરતું હતું. તેના દેખાવ (plumage) પરથી તે પુખ્ત નર લાગતું હતું. આ પક્ષીની જાતિ પરોપજીવી ઇંડાં-સેવન (brood parasite) માટે જાણીતી છે. પણ સામાન્ય રીતે દરજીડો, ફૂત્કી (Warbler), શોબિગી (Iora), લેલા (Babbler), વગેરે જાતિનાં પક્ષીઓના માળાનો તે આ માટે ઉપયોગ કરે છે, પણ આ રીતે પચરંગી શક્કરખોરો, રાખોડી કોયલનાં પુખ્ત પક્ષીને ખવડાવતું હોય તેવી આ પ્રથમ નોંધ છે.

*ડૉ. પીયૂષ પટેલ,*

*એક્સ-રે ક્લિનિક, અવિ આર્કેડ, ડૉક્ટર હાઉસની સામે, હાલર રોડ, વલસાડ-૩૯૬૦૦૧*

### રાખોડીશિર કાબરની શ્વેતશિર પ્રજાતિ (Greyheaded Myna, whiteheaded subspecies, Sturnus malabaricus blythii) નો નવો ઉત્તરી-વ્યાપ (northern most extent)

અતુલ લી. વલસાડના 'ફેક્ટરી' સંકુલમાં ૧૫મી ઓગષ્ટ '૯૯ના રોજ ૬-૩૦ થી ૮-૩૦ની વચ્ચે પક્ષીનિરીક્ષણ દરમિયાન અમે કાબર કુળનાં વિવિધ પક્ષીઓને 'ફેક્ટરી'નાં છાપરાં નીચેના લોખંડના સળિયાનાં માળખા ઉપર રાતવાસો (roosting) કરતાં જોયાં. લગભગ ૧૦૦૦ + કાબર, (Common Myna) ૧૦૦૦ + ઘોડાકાબર (Bank Myna), ૪૦-૪૫ બ્રાહ્મણી મેના (Brahminy Myna) તથા ૨૦-૨૫ વૈયાં (Rosy Pastor) હતાં, જે વિવિધ જૂથમાં ખોરાક માટે (foraging) ઊડી જતાં જોવાં મળ્યાં.

આ દરમિયાન એક Beef - wood Tree ( ગુજરાતી ?- સં.) ની ટોચના ભાગ પર કાબર કુળનાં, પણ થોડાં જુદાં પક્ષીઓ તરફ અમારું ધ્યાન ખેંચાયું. બીજી કાબર કરતાં થોડાંક નાનાં અને નમણાં પક્ષીઓ, લગભગ ૭૫-૮૦ સંખ્યામાં, સતત અવાજ (cheeping) કરતાં હતાં. તેમનાં માથા તથા ગળાના ભાગનો સફેદ રંગ ધ્યાન ખેંચે તેવો હતો. દૂરબીનથી શરીરના બાકીના ભાગનો રાખોડી તથા પેટ અને પડખાનો કાટિયો બદામી (rufous) રંગ ઓળખી શકાયો. 'Birds of indian Subcontinent' તથા 'Pictorial Guide'ની મદદથી અમે તેને રાખોડીશિર કાબરની શ્વેતશિર પ્રજાતિ તરીકે ઓળખી શક્યા.

કદાચ આ તેની દક્ષિણ ગુજરાતની પહેલી નોંધ છે એમ માનું છું. તેનો વ્યાપ પુસ્તકોમાં દક્ષિણ-પશ્ચિમ ભારતીય દ્વીપખંડમાં કેરાળા તથા પશ્ચિમ મૈસૂર (કુર્ગ જિ.) અને કદાચ બેલગાંવથી ઉત્તરે, રહેવાસી તથા પ્રજનન કરતી જાતિ તરીકેનો બતાવેલો છે. શિયાળા-ચોમાસામાં ક્વચિત, વધુ ઉત્તરે સ્થાનાંતર કરે છે, અથવા તો ખેંચાઇ આવે છે. આ જોતાં હાલનાં વર્ષોમાં પક્ષીની આ જાતિની આ સૌથી વધુ ઉત્તરની હદ અંકાઇ હોય તેમ ગણી શકાય.

*ડૉ. પીયૂષ પટેલ, મોહમ્મદ જાટ, નવીન પટેલ.*

### ગીરમાં કાબરો રાજાલાલ (Whitebellied Minivet)

સાવરકુંડલાથી ગીરનું જંગલ તથા મીતીયાળાનું જંગલ ખૂબ જ નજીક થાય, તેથી અમે મિત્રો સાથે પક્ષી-નિરીક્ષણ માટે વારંવાર તેની મુલાકાત લઇએ છીએ. તા. ૯ -૧૦-૯૯ના રોજ પક્ષી-નિરીક્ષણ માટે તુલસીશ્યામ નજીક એક સ્થાન પર બેઠાં. થોડી વારમાં બોરડીના મધ્યમ કદના વૃક્ષ ઉપર એક પક્ષી આવીને બેઠું. દૂરબીનથી જોતાં આંખ આશ્ચર્યથી પહોળી થઇ ગઇ ! તે કાબરો રાજાલાલ હતો. ઘણાં સમય બાદ આ પક્ષીને જોતાં મને તથા મારા સાથી મિત્ર રાજુભાઇ દવેને ખૂબ જ આનંદ થયો.

### સાવરકુંડલાની આસપાસ

સાવરકુંડલાથી ૬ કિ.મી. દૂર હાથસણી ગામ પાસે દેદુમલ નદી ઉપર નવો ડેમ બંધાયો છે. તેમાં આ વર્ષથી પાણી ભરવાનું ચાલુ થયું, પણ પૂરતા વરસાદને અભાવે ખૂબ ઓછું પાણી ભરાયું છે. ૨૦-૧૧-૯૯ના રોજ શ્રી નિખિલભાઇ મોરી સાથે આ ડેમની મુલાકાત લીધી ત્યારે પાણીનાં વિવિધ સ્થાનિક તથા યાયાવર પક્ષીઓ જોવા મળ્યાં.

૨૧-૧૧-૯૯ ના રોજ મીતીયાળા 'રીઝર્વ ફોરેસ્ટ'થી થોડે દૂર કૃષ્ણગઢ તળાવની મુલાકાત લીધી. ત્યાં પણ પાણી ઓછું ભરાયું છે. ત્યાં પાણીનાં અન્ય પક્ષીઓ સાથે એક કાળો ઢોંક (Black Stork) જોઇને ખૂબ આનંદ થયો.

*ભાનુભાઇ અધ્વર્યુ, નિખિલભાઇ મોરી*

*ભાનુભાઇ અધ્વર્યુ, ૩૭, વિદ્યુતનગર, કૉલેજ પાછળ, સાવરકુંડલા-૩૬૪૫૧૫*

### ચાલુ 'ક્રેઇન'માં કાગડાનો તારનો માળો

સરદાર પુલની બાજુમાં નવા પુલના બાંધકામ વખતે ત્યાંથી ચાર-પાંચ વખત પસાર થવાનું થયું. પુલના બાંધકામ માટે લોખંડની મોટી 'ક્રેઇન'નો ઉપયોગ થતો હતો. આ 'ક્રેઇન' નદીના પટમાં હતી અને



તસવીર : કુણાલ પટેલ

પુલથી ઘણી જ ઊંચી હતી. તેમાં કાગડાએ બાંધકામમાં ઉપયોગમાં લેવાતા લોખંડના વાયરના ટુકડાનો ઉપયોગ કરી ઉપરના ભાગમાં માળો બનાવ્યો હતો. આ ઉપરાંત આ 'ક્રેઇન' ઉપયોગમાં લેવાતી હતી. તેના દ્વારા મોટા પથ્થરો ઊંચકાતા હતા. તેની અંદરનો જાડો વાયર પણ હલતો હોવા છતાં, કાગડાએ માળો છોડ્યો ન હતો. હજુ પણ એ માળો ત્યાં છે.

*કાર્તિક શાસ્ત્રી, કુણાલ પટેલ*

*કાર્તિક શાસ્ત્રી, અશોક વાડી, પંચવટી , અમદાવાદ-૬*

## ❋ થોળમાં સારસની ગતિવિધિ

કમનસીબે ઓછો વરસાદ પડશે એવી મનમાં જે દહેશત હતી તે સાચી પડી. આની સીધી અસર સારસના પ્રજનન ઉપર પડી, જે પરિણામ સ્વરૂપે ગયા વર્ષ કરતાં વહેલું પૂરું થયું.

શરૂઆતનાં સારા વરસાદ દરમ્યાન જે માળા બન્યા તથા બચ્ચાં જન્મ્યાં તેમના પર પાછળના કોરા દિવસોની વધુ માઠી અસર પડી. અમુક ઠેકાણે વરસાદનાં ભરાયેલાં પાણીને લીધે બચ્ચાંને જરૂરી ખોરાક મળી ગયો પણ મોટાભાગની અન્ય જગ્યાઓએ પાણી સુકાઇ જવાને લીધે તથા સિંચાઇ માટે ઉપયોગમાં લેવાઇ જવાને લીધે, બચ્ચાંને જરૂરી પોષણમાં વિક્ષેપ પડ્યો. આ ઉપરાંત પાણી ભરાયેલા વિસ્તારોથી માળાને જે રક્ષણ મળી રહેલું તે આવશ્યક રક્ષણાત્મક અવરોધ પણ ખંડિત થયો. પોષણ અને રક્ષણ બંને દૂર થયાં એટલે પક્ષીઓએ બચ્ચાં સાથે આસપાસના વિસ્તારોમાં સ્થાનાંતર કર્યું, પણ મૂળ કાદવિયા વિસ્તારો જેટલી સગવડ અને સુરક્ષા તેમને આસપાસનાં ખેતરોમાં ક્યાંથી મળે ? કદાચ આ કારણને લીધે બચ્ચાંઓ શિકારનો વધુ ભોગ બન્યાં. ગયા અંકમાં જે દસ માળાની વાત કરી હતી તેમાંથી સાતમાં ઇંડાંનું સેવન સફળતાપૂર્વક થયું. અત્યારની પરિસ્થિતિ નીચે મુજબ છે.

<u>જગ્યા - ૩</u> : *બચ્ચાં :* જન્મ્યા પછી બે બચ્ચાં લગભગ ૧૭ દિવસ સુધી વાલી સાથે જોવા મળ્યાં, પછી જોવા મળ્યાં નથી, પણ ગામના લોકો કહે છે કે બાજુનાં 'વીડ'માં જતા રહ્યાં છે.
*જગ્યા :* તલાવડી સિંચાઇ માટે ઊલેચાઇ ગઇ. લોકોની અવરજવર ખૂબ વધી ગઇ એટલે પક્ષીઓને ખલેલ પહોંચી હોય તે સ્વાભાવિક છે.

<u>જગ્યા-૫</u> : *બચ્ચાં :* બે બચ્ચાં ૩૨ દિવસ સુધી વાલી સાથે જોવા મળ્યાં. પછી એક બચ્ચું દેખાતું હતું.
*જગ્યા :* નાની તલાવડીમાં હજી થોડું પાણી છે. આજુબાજુની ડાંગરની ક્યારીઓ, બચ્ચાંને રક્ષણ અને ખોરાક બંને પૂરાં પાડે છે. જો કે, ખેડૂતો બહુ ઉત્સાહપૂર્વક પાકની ચોકી કરતા હોવાથી વચ્ચે વચ્ચે પક્ષીઓને તગેડી મૂકે છે.

<u>જગ્યા-૬</u> : *બચ્ચાં :* એક બચ્ચું જે ૨/૯ ની આસપાસ જન્મ્યું તે લગભગ ૧૫ દિવસ જોવા મળ્યું, પછી દેખાયું નહીં. મોટેભાગે તેનો શિકાર થઇ ગયો.
*જગ્યા :* નાની તલાવડી સુકાઇ ગઇ. આજુબાજુનાં ખેતરો પણ કોરાં થઇ ગયાં.

<u>જગ્યા-૭</u> : *બચ્ચાં :* બે ઇંડાંમાંથી એકમાંથી જ બચ્ચું નીકળ્યું, જે હજી મા-બાપ સાથે ફરતું દેખાય છે.
*જગ્યા :* આ જગ્યા મોટી તલાવડીથી સુસજ્જ થયેલી છે. અત્યારે પણ તેમાં પાણી છે. વળી ચોપાસ ફેલાયેલી ડાંગરની ક્યારીઓ પક્ષીઓના ખોરાક અને રક્ષણ માટે આદર્શ છે. હમણાં પાક લણાયો અને બીજી બાજુ બચ્ચું વાલી સાથે ફરતું થઇ ગયું. શરૂઆતમાં મોટી મોટી પાંખો ફફડાવી માંડ થોડાં ફૂટ ઊડી શકતું બચ્ચું હવે સુંદર ઉડાન કરી શકે છે કે, જે તેને વારસામાં મળી છે.

<u>જગ્યા-૮</u> : *બચ્ચાં :* સપ્ટે.ના ત્રીજા અઠવાડિયામાં બે બચ્ચાં નીકળ્યાં. ડાંગરનાં છોડ વચ્ચે બચ્ચાંની ઝલક દેખાતી. પાછળથી મા-બાપ સાથે એક જ બચ્ચું જોવા મળતું, બીજાનું શું થયું તે ખબર ના પડી.
*જગ્યા :* ઉપરની જગ્યા જેવો વિસ્તાર, પણ ફેર એટલો હતો કે, બચ્ચાં મોડાં હતાં એટલે જ્યારે પાક લણાયો ત્યારે નાનાં હતાં. માણસની હાજરીથી તેઓ આમથી તેમ તગેડાતાં ને સાથે સાથે મા-બાપની ચીસાચીસ ચાલતી. હવે ખેતરો સુકા થઇ ગયાં છે, છતાં બચ્ચાંને જરૂરી કાદવિયા વિસ્તારો હજી છે.

<u>જગ્યા-૯</u> : *બચ્ચાં :* સપ્ટે. ૯૯'ના પહેલા અઠવાડિયામાં બે બચ્ચાં જન્મ્યાં. છેલ્લા ૨૦ દિવસથી બચ્ચાં દેખાયાં નથી. ગામલોકોએ પણ જોયાં નથી.
*જગ્યા :* આ સુંદર કુદરતી તળાવ અને કાદવિયા પ્રદેશમાંથી બધું પાણી 'ફાઇટર પંપ' વડે સિંચાઇ માટે લેવાઇ ગયું છે.

<u>જગ્યા-૧૦</u> : *બચ્ચાં :* સપ્ટે.ના પહેલા અઠવાડિયામાં બચ્ચાં નીકળ્યાં. લગભગ એક મહિના સુધી બંને બચ્ચાં જોવા મળ્યાં. તા.૧૦-૧૦-૯૯ના રોજ માત્ર એક બચ્ચું દેખાયું.
*જગ્યા :* નાની તલાવડી અને કાદવિયો વિસ્તાર (અહીં ડાંગરની ક્યારીઓ ન હતી) સુકાઇ જવાથી પક્ષીઓ સાથે એક બચ્ચું જુવારના ખેતરમાં દેખાતું. દુર્ભાગ્યે હમણાંથી બચ્ચું દેખાતું નથી. કદાચ મરી ગયું હોય.


**કંદર્પ કાટ્જુ**
*૫, સારથી રૉ હાઉસ, ડ્રાઇવ-ઇન રોડ, અમદાવાદ-૫૨*


## ❋ નિરીક્ષણ નોંધ

➢ કેશોદથી ૩૨ કિ.મી. દૂર બાલાગામ છે, ત્યાં એક સારસ યુગલ જોવા મળે છે. અમારી 'કલબ'ના સભ્ય શ્રી જગદીશભાઇ બાલાગામ બેંકમાં નોકરી કરે છે. તેઓ અહીંથી આવ-જા કરતા હોવાથી, તેઓએ આ યુગલ વારંવાર જોયું છે. મારે દર વખતે ફેરો ફોગટ જાય છે. 'અમીપુર' જળાશયમાં ગયા વર્ષે પાણી ભરાયેલું ત્યારે પુષ્કળ પક્ષીઓ આવેલાં. આ વર્ષે પાણી નથી. હું અને પક્ષીઓ બંને નિરાશ થયાં છીએ.


***રેવતુભા રાયજાદા**, કેશોદ*


➢ નવસારીથી ૧૩-૧૪ કિ.મી. દૂર અબ્રામા ગામ પાસે તળાવમાં મેં અગાઉ (ક્યારે ?–સં. ) ૧૪ સારસ જોયાં હતાં. નવસારીથી ૩-૪ કિ.મી. દૂર નહેર પર જ્યાં અમે ફરવા જઇએ છીએ ત્યાં પણ અત્યારે બે થી ચાર સારસ ક્યારેક જોવા મળે છે. અહીં બે વર્ષ ઉપર ૧૦-૧૨ સારસ જોયાં હતાં. (પત્ર: ૧૧-૧૧-૯૯)


***સુભાષચંદ્ર શાહ**, નવસારી*


➢ આ પત્ર સાથે આણંદ જિલ્લા તથા માતર તાલુકામાં જોવા મળેલાં સારસની સંખ્યા તથા સ્થળની માહિતી મોકલી રહ્યો છું. આ સ્થળોને નકશામાં બતાવવાનો પ્રયાસ કર્યો છે. ત્રાજના તળાવમાં એક સાથે ૧૦૫ સારસ જોવાનો લહાવો અનેરો હતો (ક્યારે ?- સં.). ૯-૭-૯૯ના રોજ ત્યાં ૪૫ સારસ જોવા મળ્યાં હતાં.

રાસ, ખંભાત, તામસા, ગોલાણા, જીણજ અને કનેવાલ વિસ્તારમાં

<u>તા.૬-૬-૯૯, ૯-૬-૯૯ તથા ૬-૭-૯૯ના રોજ કરેલી સારસની નોંધ</u>




નોંધ : નકશો સ્કેલ મુજબ નથી. નકશામાં ઠાસરા સિવાયનો આણંદ જિલ્લો તથા ખેડા જિલ્લાના માતર તાલુકાનો સમાવેશ થયો છે. અંગ્રેજી આંકડા સારસની સંખ્યા દર્શાવે છે.

રહેતા અને ખેતી કરતા ખેડૂતોના કહેવા મુજબ આ વખતે 'કેનાલ'ના સમારકામ કાર્યને કારણે અહીં જૂન-જુલાઇમાં 'કેનાલ' દ્વારા પાણી આપવામાં આવ્યું ન હતું. તેથી ખેતરોમાં પાક લઇ શકાયો ન હતો. આને લીધે સારસ અહીંથી બીજે ગયાં છે. (તા. ૯-૬-૯૯ તથા ૬-૭-૯૯)

ત્રાજ નજીક આવેલા સાલા તળાવની મુલાકાત લીધી ત્યારે ચોંકાવનારી માહિતી મળી કે, અહીં હરહડા પક્ષી (સારસ) નો શિકાર કરવા કેટલીક અજાણી વ્યક્તિઓ આવે છે (૯-૬-૯૯) . આ મુલાકાત વખતે મારી સાથે W.W.F. ના ડાયરેક્ટર શ્રીમતી પ્રધાન પણ હતાં.


***કલ્પેશ અંજારિયા***
*૨૦-એ, ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, મહાદેવ પાછળ, છાણી, ઓક્ટ્રોય નાકા, વડોદરા-૨.*


❋ ❋ ❋

## 'વિહંગ' શરદ '૯૯ના અંક ઉપર ટિપ્પણી

**'વિહંગ'નો શરદ '૯૯ અંક** મળ્યો. તમે ખરેખર ઘણી મોટી જવાબદારી સ્વીકારી છે. ઘણી વ્યક્તિઓ કામ હાથ લે છે, પણ સમય જતાં વેઠ ચાલુ કરે છે, જ્યારે 'વિહંગ' સમય જતાં વધારે 'પ્રોફેશનલ' થતું જાય છે. મારા અંગ્રેજી લેખોનો અનુવાદ ઘણો સારો થાય છે.

❖ ડૉ. આર,બી.ચૌહાણ (સુરત) નાં કેટલાંક સૂચનો પ્રતિ હું મારો પ્રતિભાવ આપું છું.

૧. 'વિહંગ'ના મથાળા પર વધુ રેખાંકનો સારાં ન લાગે, છકડાના શણગારેલા મોરા જેવું લાગે.

૨. 'ન્યુઝ પેપર'માંથી... એવો કાયમી વિભાગ આપણે શા માટે રાખવો જોઇએ ? 'વિહંગ'માંથી જો દૈનિકોને નોંધ લેવી હોય તો લે. છતાંય કોઇ એવા અહેવાલ આવે કે જેને માટે આપણે સજાગ થવું પડે તેવું હોય તો આપણા વાચકો જરૂર ધ્યાન ખેંચે. જેમ કે, અત્યારે એક સૂચન ગંભીરપણે વિચારાય છે કે, ગાંડા કે હડકાયા બાવળનો નાશ કરવા માટે વનસ્પતિનાશક ઝેરનો વ્યાપક રીતે ઉપયોગ કરવો. આ બાબતની આપણે ગંભીર નોંધ લેવી જરૂરી છે. મેં યોગ્ય પત્ર સરકારશ્રીને પાઠવ્યો છે. એક ભૂલ સુધારવા માટે બીજી ન થાય તે માટે પણ આપણે જાગૃત રહેવું જોઇએ.

❖ વરસો પહેલાં સુધાબેન અને તેમની બહેનોએ મને રાજકોટમાં ઘેર આમંત્રેલો અને ખૂબ જ સારી મહેમાનગતિ કરેલી. તેઓની રસોઇ હજી યાદ આવે છે. ઇચ્છું કે, આપણા મિત્રો આ ત્રણ બહેનોને ત્યાં મહેમાનગીરીની ગંગા ન ચાલુ કરે. દરેક વાચક પોતે જ પોતાના આંગણે 'ભીલવસી' ઊભુ કરે તો !

❖ શ્રી નવનીતભાઇએ લખ્યું છે તે પ્રમાણે ભાવનગરના વિક્ટોરિયા પાર્કમાં ઝાડ પરનાં જુદાં જુદાં પક્ષીઓના માળામાં કાળો કોશી સામાન્ય હતો. તે જ પ્રમાણે શ્રી ઉદય વોરાએ પણ ગાંધીનગરમાં તેઓના માળાના અવલોકનમાં આ વસ્તુ નોંધી હતી. **કાળા કોશીની ઓછી થતી જતી સંખ્યાની અન્ય પક્ષીની જાતિઓ, જેઓ તેના રક્ષણ હેઠળ માળો કરે છે, માઠી અસર પડશે.**

*લવકુમાર ખાચર,* ગાંધીનગર

## 'ગુજરાત સમાચાર'માં આવેલી સારસની તસવીર વિષે

તા.૨૭-૯-૯૯ ના રોજ 'ગુજરાત સમાચાર' માં આવેલી સારસની તસવીર જોઇ સૌથી પહેલું મારા મોઢામાંથી નીકળી ગયું, ''મૂર્ખ ! શું સાબિત કરવા માંગે છે ?'' આવી તસવીર છાપાં કે સામયિકમાં આવવી ન જોઇએ . કારણ કે, તેનાથી બીજાને આ પ્રકારની તસવીર મેળવવાની ઇચ્છા થાય. એક સમારંભમાં આ તસવીરકાર મળ્યા ત્યારે તેઓએ, મને કેવા સંજોગોમાં આમ બન્યું તે જણાવ્યું અને ઉમેર્યું કે, તેઓ સારસની આવી ચાર જોડીને અનુસરી અને તેમની સંભાળ રાખવાનો પ્રયત્ન કરે છે. પણ આવી જાહેરાતોથી સારું કામ ધોવાઇ જાય.

*જો મોટા 'લેન્સ' હોય તો પક્ષીની નજીક ન જવું પડે. સારસ પક્ષી તેની અદા, કદ અને નીડરતાને લીધે, તસવીરકારો માટે લોભામણું બની જાય છે, પણ તેની નજીક જવાની ઇચ્છા રોકી રાખવી જોઇએ. તેમની એકલતા ભંગ કરવાની ચેષ્ટા ઘણી હાનિકારક સાબિત થઇ શકે. બચ્ચાંને ખવડાવવામાં વિક્ષેપ આવે અને ઝડપથી મોટાં થતાં બચ્ચાંને ખોરાકનો એક કોળિયો પણ જીવન-મૃત્યુનો સવાલ બની જતો હોય છે. ભૂતકાળમાં પણ હંજની માળા-વસાહત પાસે આવી ઘટના બની છે, જ્યારે મુલાકાતીઓની થોડી ખલેલથી હજારો પક્ષીઓ માળા છોડીને ચાલ્યાં ગયાં હોય. 'વિહંગ' દ્વારા હું સૌ તસવીરકારોને આપણા દુર્લભ વન્યજીવો પર આ પ્રકારનું દબાણ ન લાવવા વિનંતિ કરું છું . કારણ કે, તેઓ આમેય ઘણી જાતની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે.*

મારા ઘરના આંગણમાં ઘણાં પક્ષીઓ માળા કરે છે, પણ હું તેની નજીક જતો નથી. હિંગોળગઢના પ્રકૃતિ શિબિરોમાં, બાળકોને પ્રજનન ચાલુ હોય તેવા માળા બતાવાતા નથી. આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પણ પક્ષીઓ માળામાં હોય તેવી તસવીરો સ્વીકારાતી નથી. **હું ઇચ્છું કે ભવિષ્યમાં પક્ષીઓને ખલેલ પહોંચાડાઇ હોય તે રીતે લેવાયેલી તસવીર વધુ ઠપકાપાત્ર બને.**

*લવકુમાર ખાચર, ગાંધીનગર*

## કચ્છમાં ઘોરડ

કચ્છમાં બન્ની વિસ્તારમાં ઘોરડ કદાચ લુપ્ત થઇ ગયાં છે. અત્યારે લાલા ઘોરડ અભયારણ્ય (૨૦૧ હેક્ટર) તથા આસપાસના ઘાસનાં મેદાનો (૬૦૦૦ હેક્ટર : પ્રજાઉ, બુડિયા, સિંઘોડી, ભાનાડા વિસ્તાર)માં આશરે ૨૦ જેટલાં પક્ષીઓ છે (તાજેતરમાં થયેલી છેલ્લી ગણતરી પ્રમાણે ૩૦ પક્ષીઓ). અબડાસા તાલુકાના આ વિસ્તાર, ઉપરાંત માંડવી તાલુકામાં ૧૭ જાન્યુ.૧૯૮૪માં શ્રી અસદ રહેમાનીએ એક નર પક્ષીની હાજરી નોંધી હતી. મે, ૧૯૯૮માં મેં તથા શ્રી શાંતિભાઇ વરૂએ કચ્છના નાના રણમાં ધૂત બેટ પર ઘોરડના પગનાં નિશાન (footprints) જોયાં હતાં. લાલા અભયારણ્યની આસપાસનાં ઘાસનાં મેદાનો અત્યારે ઘેટા ઉછેર કેન્દ્ર (sheep breeding farm) ને હસ્તક છે. વનખાતાએ આ વિસ્તારને પણ ઘોરડ માટે રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરવાની રજૂઆત કરી છે.

ગુજરાતમાં ઘોરડની પરિસ્થિતિ એકદમ કથળી ગઇ છે. ભાવનગર તથા જૂનાગઢ બાજુ, જ્યાં પહેલાં ઘોરડ મોજૂદ હતાં, ત્યાંથી તે લુપ્ત થઇ ગયાં છે. જામનગરના શ્રી જામ સાહેબે ૧૯૫૦માં જામનગરના ગોવાની ગામ પાસે ૩૦ ઘોરડ જોયાં હતાં. અત્યારે જામનગરના ગાગા અભયારણ્ય, ભાટિયા ગામ તથા કઠેર બેટ જ્યાં ઘોરડ હોવાની શક્યતા છે, ત્યાં ગાંડા બાવળના ઉછેર અને ઝડપી ફેલાવાથી બહુ મોટી સમસ્યા ઊભી થઇ છે.

કચ્છના લાલા ઘોરડ અભયારણ્યમાંથી પણ ગાંડા બાવળને તાત્કાલિક કાઢવાની તાતી જરૂર છે. પ્રજનન કરતાં પક્ષીઓને ખલેલ પડે તે રીતે કોઇ 'વૉચ' રાખવી ના જોઇએ. આ વિસ્તારમાં ચરવા માટે આવતા ઢોર પર નિયંત્રણ મુકાવું જોઇએ. તસવીરકારો તથા ફરવા માટે આવતા પ્રવાસીઓ ઉપર પણ ધ્યાન રાખવું જોઇએ. આ વૈશ્વિક રીતે લુપ્ત થતી જાતિઓની શ્રેણીમાં (globally threatened) મુકાયેલું પક્ષી છે. વન ખાતાના અધિકારીઓ તેના રક્ષણ માટેના બધા જ પ્રયત્નો કરે તે આવશ્યક છે. સાથે સાથે સ્થાનિક લોકો અને સંસ્થાઓનો સહકાર પણ પ્રાપ્ત થવો મહત્ત્વનો બની રહેશે.

*જે.કે.તિવારી,*

*સાંધી ઈન્ડ. લી., તા.અબડાસા, જિ.કચ્છ, સાંઘીપુરમ્-૩૭૦૬૫૫*

## મારો ખડમોર સાથે પરિચય !

લગભગ ૧૨ વર્ષ પહેલાં દાહોદ, રામપુરા ઘાસની વીડીમાં, 'ખડમોર' (Lesser Florican) પર અભ્યાસ કરવા માટે 'બી.એન.એચ.એસ.'ના પક્ષી - વિશેષજ્ઞ શ્રી રવિશંકર આવેલા. 'ખડમોર' જેવું સુંદર પક્ષી આ વિસ્તારમાં ક્યારેક મળે છે અને હવે તેઓ જૂજ સંખ્યામાં જ રહ્યાં છે તે માહિતી મને એ સમયે મળી. કુતૂહલવશ મેં દ્રઢ નિશ્ચય કર્યો કે આ પક્ષી વિષે વધુ માહિતી મેળવીને જંપીશ.

રામપુરા ગામની આસપાસ મેં રખડવાનું ચાલુ કર્યું, પણ ત્રણ-ચાર વર્ષ સુધી કોઇ પક્ષી જોવા મળ્યું નહીં. ૬ થી ૭ ફૂટ ઊંચા ઘાસમાં ફરવું જોખમભર્યું હતું, છતાં અન્ય પક્ષી-મિત્રો સાથે હું દૂરબીન લઇને ફરતો. ૧૯૯૪માં મને પહેલી વાર તે પક્ષી દેખાયું. મારા મિત્ર ડૉ. ભૂપેન્દ્ર ચૌધરી સાથે ઊભો હતો ત્યારે, 'ટર્રર......ટર્રર....' અવાજ સાથે મેં ખડમોરને ઠેકડો મારતાં જોયું. (આદિવાસીઓ ખડમોર ને 'ટર્રર...કૂકડી' તરીકે ઓળખે છે.) તા. ૧૫-૯-૯૬ના રોજ એક રોમાંચક ઘટના બની. પહેલીવાર એ પક્ષીને

વીડીમાંથી પસાર થતા કાચા રસ્તા પર ૩ થી ૪ મિનિટ સુધી હરતાં ફરતાં નિહાળ્યું. મારું આખું શરીર રોમાંચિત થઇ ઊઠ્યું !

હવે તો દર વર્ષે એ પક્ષી જોવાનો લાભ મળે છે. આ યાદગાર પ્રસંગની મેં જાણીતા પક્ષીવિદ્ ડૉ. અસદ રહેમાનીને જાણ કરી. તેમણે મને તાત્કાલિક જવાબ લખ્યો, જેમાં થોડી વધુ વિગતો અને સૂચનો લખ્યાં, જે નીચે મુજબ હતાં.

*''◐ ખડમોર સૂકા ઘાસનું પક્ષી છે અને કદાચ પાણીમાં તરી શકતું નથી. અમે ક્યારેય તેને પાણીમાં તરતું જોયું નથી.*

*◐ ખડમોર જોડીમાં રહેતું નથી. નર-માદા અલગ અલગ રહે છે. માત્ર પ્રજનન વખતે જ નર, માદા પાસે આવે છે.*

*◐ માદા, બચ્ચાંની સાથે રહે છે કે જુદી રહે છે તે વિષે હજી વધુ જાણકારી નથી. કદાચ બચ્ચાં મોટાં થઇ જાય ત્યાં સુધી માદા સાથે રહેતાં હોય તેવું બને.*

*◐ આપ સૌને એક વિનંતી છે કે, ક્યારેય આ પક્ષીનાં ઈંડાં કે બચ્ચાંને અડશો નહીં. આપણો તસવીર લેવાનો શોખ ક્યારેક પક્ષી અને બચ્ચાં માટે ઘાતક નીવડી શકે. કાગડા, બિલાડી વગેરે માણસની વાસનું પગેરું મેળવી ઈંડાં, બચ્ચાં સુધી પહોંચી જાય. કાગડા તો એટલા ચતુર હોય છે કે માણસને વાંકા વળીને કોઇ પ્રવૃત્તિ કરતાં જુએ એટલે તેના ગયા પછી કુતૂહલવશ ત્યાં પહોંચી જાય. એથી જ તમે તેનાં ઈંડાં કે બચ્ચાંની પાસે જશો નહીં તથા બીજા કોઇને પણ ત્યાં લઇ જશો નહીં.''*

**ઘનશ્યામ સોલંકી**

*ફ્રીલેન્ડગંજ, દાહોદ, જિ. પંચમહાલ - ૩૮૯૧૬૦*

## ગૌરીશંકર સરોવર, એક કમનસીબ જળપ્લાવિત ક્ષેત્ર

એક સમયનું જાજરમાન ગૌરીશંકર સરોવર (બોરતળાવ) આજે ગુજરાતનાં કેટલાક કમનસીબ જળપ્લાવિત ક્ષેત્રોમાંનું એક છે. ભાવનગરના નેક નામદાર સ્વ. મહારાજા સાહેબની દૂરદ્રષ્ટિ અને 'ભારતરત્ન' એવા સ્વ. ડૉ. વિશ્વેશ્વરૈયાની યોજના દ્વારા આકાર પામેલું આ ગૌરીશંકર સરોવર, એક સમયે પક્ષીસૃષ્ટિથી સમૃધ્ધ એવું જળપ્લાવિત ક્ષેત્ર હતું. ભાવનગર શહેરને પીવાનું પાણી આ તળાવ પૂરૂં પાડતું. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આ તળાવના વિસ્તારમાં મ.કુ.શ્રી શિવભદ્રસિંહજીએ અને ભાવનગરના બીજા ઘણા પક્ષીનિરીક્ષકોએ સારસને દર ચોમાસે નિયમિત માળા કરતાં જોયેલાં. અહીંની 'વાઇલ્ડ લાઇફ કોન્ઝર્વેશન સોસાયટી'ના સભ્યોએ જુદી જુદી જાતનાં ૧૪૫ પક્ષીઓ આ તળાવ અને તળાવને કાંઠે આવેલા વિક્ટોરિયા પાર્ક, 'રીઝર્વ ફોરેસ્ટ'ના વિસ્તારમાં નોંધ્યાં છે. તળાવની વચ્ચે આવેલા નાના ટાપુઓ ઉપર કાશ્મીરી વાબગલી (Whiskered tern), નિયમિત માળા કરતી. ઉપરાંત ચકવો (Stone Curlew) , ગજપાંવ (Blackwinged stilt) , ગારખોદ (Common Snipe) , વગેરેના માળા કાયમ જોવા મળતા.

પરંતુ, છેલ્લાં ૧૫ વર્ષથી આ તળાવની દુર્દશા સતત વધતી ગઇ છે. છેલ્લાં દશ વર્ષથી તો તળાવ પૂરૂ ભરાતું પણ નથી. ભાવનગર શહેર અને ગૌરીશંકર તળાવના સામા કાંઠે આવેલ સીદસર ગામને જોડતો ટૂંકો રસ્તો તળાવની વચ્ચેથી પસાર થાય છે. જૂના વખતમાં ઉનાળા દરમિયાન પાણીનું સ્તર ઘટે ત્યારે માત્ર ૩ થી ૪ માસ પૂરતો જ ઉપયોગમાં લઇ શકાય તેવો ગાડા - કેડો હતો. આજે પુરાણ કરી ઊંચો બનાવી અને બારે માસ ઉપયોગમાં લેવાય તેવો 'મેટલ' રોડ તૈયાર કરી દીધો છે. આ રસ્તાને કારણે પૂર્વ તરફનો તળાવનો ૨૦% જેટલો ભાગ મુખ્ય તળાવથી સંપૂર્ણ છૂટો પડી ગયો છે. આ ભાગ શહેરના એક જાણીતા 'બીલ્ડર', કે જે રાજકીય નેતાઓ સાથે સીધી વગ ધરાવે છે તેમણે પચાવી પાડી, તેમાં પુરાણો કરી અને રહેણાંકી વસાહતો ઊભી કરવાની શરૂઆત કરી છે. જી.ઇ.બી.દ્વારા તળાવની વચ્ચે થાંભલા નાંખી ઇલેક્ટ્રીક લાઇન પસાર કરવામાં આવી છે. આ થાંભલાઓમાંના બે ચાર તો ટાપુઓ ઉપર પણ ખોડવામાં આવ્યા છે. આ થાંભલાઓ ઉપર કાગડા, સમળી, જેવા પક્ષીઓ બેસવા લાગ્યાં છે. પરિણામે ટાપુઓ ઉપર જોવા મળતા વાબગલીના માળા કાયમ માટે અદ્રશ્ય થઇ ગયા છે.

તળાવના પશ્ચિમ કિનારે ખૂબ સુંદર ટેકરીઓ હતી. ત્યાં ચોમાસા પછી સારૂં એવું ઘાસ ઊગી નીકળતું. આ તમામ ટેકરીઓ ઉપર છેલ્લાં ૩ વર્ષથી ગેરકાયદેસર વસાહત ઊભી થઇ છે. અંદાજે પાંચેક હજાર લોકોએ ઝૂંપડપટ્ટી ઊભી કરી છે. આ ઝૂંપડપટ્ટીના ૯૦% લોકો પ્રાતઃક્રિયા માટે તળાવ કાંઠે આવે છે !! વળી આટલું ઓછું હોય તેમ આ ઝુંપડાઓમાંથી ઉત્પન્ન થતો કચરો અને ગટર સીધાં જ તળાવમાં ભળે છે !! આ સંકટ તો તળાવ માટે સૌથી મોટું છે.

ઉપરોક્ત તમામ પ્રશ્ને ભાવનગરની 'ધર્મકુમારસિંહજી નેચર કોન્ઝર્વેશન સોસાયટી', 'વાઇલ્ડ-લાઇફ કોન્ઝર્વેશન સોસાયટી' તથા ખુદ મ.કુ.શ્રી શિવભદ્રસિંહજીએ લાગતા વળગતા અધિકારીઓ, સ્થાનિક ધારાસભ્યો, સંસદસભ્યો વગેરેનું અવારનવાર ધ્યાન દોરવા છતાં પરિણામ શૂન્ય છે કારણ કે, આ ઝૂંપડપટ્ટી, એ રાજકીય નેતાઓની 'મતબેન્ક' છે અને બીલ્ડરો તેઓની 'મનીબેન્ક' છે !

કદાચ આપણા દેશમાં પશુ-પક્ષીઓને પણ મતાધિકાર મળ્યો હોત તો આવા અનેક સમૃદ્ધ કુદરતી નિવાસનક્ષેત્રોની આવી દુર્દશા કેટલેક અંશે અટકી હોત !!

*ઈન્દ્ર ગઢવી*

*અધ્યાપક, પ્રાણીશાસ્ત્ર વિભાગ, સર પી.પી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ, ભાવનગર*

## પક્ષીઓના 'કોલ'ની ઓડિઓ કેસેટ - અભિપ્રાય

'બોમ્બે નેચરલ હીસ્ટ્રી સોસાયટી'એ તાજેતરમાં 'ઇન્ડીઅન બર્ડ કોલ્સ' નામની પક્ષીઓના અવાજની કેસેટો પ્રસિધ્ધ કરીને પક્ષીપ્રેમીઓની એક લાંબા સમયની માંગને પૂરી કરી છે. બે ભાગની આ કેસેટમાં ૧૬૯ પક્ષીઓના અવાજ 'ટેપ' કરવામાં આવ્યા છે. આ કેસેટનું સંકલન ડૉ. એરેક ભરૂચાએ કરેલું છે, જ્યારે 'રેકોર્ડીંગ' બ્રીગેડીઅર એ નવારો, બી.સી.આર. બેટરામ અને ભરૂચાએ કરેલું છે. આ છેલ્લાં ૫૦-૬૦ વર્ષના પરિશ્રમનું આ પરિણામ છે. બ્રીગેડીઅર નવારોનું રેકોર્ડીંગ સૌથી જૂનું છે. પશ્ચિમ ઘાટનાં જંગલોમાં ફરીને લગભગ ૩૦ જેટલી 'ટેપ' તેમણે 'રેકર્ડ' કરી હતી. બેતરામે સોસાયટીને ૨૦ જેટલી ટેપ આપી હતી. ભરૂચાએ પોતે દેશના વિવિધ ભાગોમાં ફરીને ઘણાં પક્ષીઓના અવાજ ૫૦ જેટલી ટેપમાં રેકર્ડ કર્યા હતા. આ બધામાંથી કેટલાય દિવસોની મહેનત પછી બિનજરૂરી અવાજને કોમ્પ્યુટરની મદદથી કાઢવાની કોશિશ કરી અને છેવટે બે કેસેટ તૈયાર કરી છે.

પહેલી કેસેટમાં બે બાજુએ થઇને ૧૦૯ પક્ષીઓના અવાજ છે. કેસેટના શ્રીગણેશ ભગવી સુરખાબથી (Brahminy Duck) થાય છે. તે પછી તુરત જ સમડીનો અવાજ છે. એમાં કોઇ ચોક્કસ ક્રમ જેવું મને લાગ્યું નહીં. નાના દશરથિયા (Common Indian Nightjar) નો અવાજ એ બધાથી ભિન્ન ક્યાંક બે પક્ષીઓની વચ્ચે મૂકી દીધો છે. એને વન દશરથિયા (Indian Jungle Nightjar) જોડે રાખ્યો હોત તો સામાન્ય પક્ષીનિરીક્ષકને આ બંને વચ્ચેના અવાજમાં શું તફાવત છે એ સહેલાઇથી યાદ રહી જાત.

અવાજની ગુણવત્તા જ્યાં બરાબર નથી ત્યાં, આર.પી. અર્થાત્ 'રેકોર્ડીંગ ક્વોલીટી પુઅર' એવું લખ્યું છે. જ્યાં પાર્શ્વભૂમિકામાં બીજાં પક્ષીઓના અવાજ સંભળાય છે, તે પક્ષીઓનાં નામ, સાથેની એક નાની પુસ્તિકામાં પક્ષીઓની પૂરી યાદી સાથે આપવામાં આવ્યાં છે.

જે જૂની ટેપમાંથી પક્ષીઓના અવાજ લેવામાં આવ્યા છે, એમાં ધ્યાનથી સાંભળો તો 'બાર્કીંગ ડીઅર' અને મલબારની 'જાયન્ટ સ્કવીરલ'ના અવાજ પણ સાંભળવા મળે છે. પાછળથી રેકર્ડ થયેલા અવાજમાં પાર્શ્વભૂમિમાં આ અવાજ સાંભળવા મળતા નથી.

મને આ પ્રયાસ ગમ્યો. હજુ થોડી વધારે મહેનતની જરૂર છે એમ મને લાગે છે. જેમ કે મોરના અવાજની ગુણવત્તા બરાબર નથી એવું જણાયું છે. સાંજે ગાંધીનગરની પાસે બારીજ ગામની સીમમાં બેસો અને ગામ આખું મોરના અવાજથી ગાજી ઊઠે છે, જોઈએ તેટલું રેકર્ડ કરી લો. તેવું જ કાળાકોશીનું છે. મારા ઘરની પાસે રોજ સવારે એનો શુધ્ધ, ભેળસેળ રહિત, રણકદાર અવાજ સાંભળવા મળે છે. જૂની ટેપમાંથી આ અવાજ લેવાને બદલે નવેસરથી ટેપ કરવાની જરૂર હતી. તે જ રીતે સફેદછાતી કલકલિયો (Whitebreasted Kingfisher) બેઠો હોય ત્યારે એક અવાજ હોય છે અને ઊડતો હોય ત્યારે બીજા પ્રકારનો અવાજ હોય છે. તમે માત્ર અવાજ સાંભળીને આ કલકલિયો બેઠેલો છે કે ઊડીને ક્યાંક જાય છે તે કહી શકો. આ બંને અવાજ આપી શકાત.

કેસેટ સાથેની પુસ્તિકામાં એક ધ્યાનમાં રાખવા જેવી ચેતવણી આપવામાં આવી છે. આ ટેપનો ઉપયોગ પક્ષીઓને સંભળાવી તેમની સાથે ખેલ કરવામાં નહીં વાપરવાની સ્પષ્ટ સૂચના આપી છે. મેં ઘણા પક્ષીનિરીક્ષકોને આ રીતની પક્ષીઓ સાથે મજાક-મસ્તી કરતા જોયા છે. એથી પક્ષીને તકલીફ પહોંચે છે.

અંગત રીતે મને કેસેટ ઘણી ગમી. ઘરમાં આંખ મીંચીને પક્ષીઓના 'કોલ' સાંભળતા. આ 'કોલ' ક્યાં સાંભળ્યા હતા, એ યાદ આવવા માંડ્યું અને તેની સાથે એનું વાતાવરણ પણ. ભારતીય ચુગ્ગડ (Scops Owl) ની જ વાત લો. મેં એને જોયું નથી, પણ ડેલહાઉસીમાં દસ દિવસ રહ્યા ત્યારે રોજ રાત્રે મેં એનો અવિરત 'કોલ' સાંભળ્યો હતો. તેવું જ પાઇડ હોર્નબીલનું (Pied Hornbill). એને પંચમઢી નેશનલ પાર્કને અડીને આવેલા 'બોરી અભયારણ્ય'માં ચારેક દિવસ સાંભળેલા (એ ત્રણ - ચારની સંખ્યામાં હતાં) અને જોયેલા.

જે પક્ષીનિરીક્ષકને આ કેસેટમાં (કેસેટ પર કિંમત લખી નથી) રસ હોય તે 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી, હોર્નબીલ હાઉસ, ડૉ. સલીમ અલી ચોક, શહીદ ભગતસિંહ રોડ, મુંબઈ - ૪૦૦૦૨૩' પર સંપર્ક કરી શકે છે.

*બિજુ પંચાલ*

*૫૬૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર -૩૮૨૦૨૨.*

## પુસ્તક વિષે અભિપ્રાય

શીર્ષક : 'The Life of Birds'

લેખક : David Attaenborough

પ્રકાશક :- બી.બી. સી. બુક્સ, પાનાં :- ૩૨૦, વર્ષ : ૧૯૯૮

કિંમત :- ૧૧.૯૫ પાઉન્ડ

ઉપરોક્ત પુસ્તક અદ્ભુત છે. તેનું વાંચન મેં બે દૃષ્ટિએ ખૂબ જ માણ્યું. સજીવ સૃષ્ટિના એક જૂથ એવા પંખીઓ વિષે વાચકના જ્ઞાનના સીમાડા વિસ્તારે તેવી માહિતીથી તે સભર છે. અને બીજું, પક્ષીઓએ જે વિસ્મયકારક અનુકૂલનો (adaptations) વિકસાવ્યા છે, તે આ ધરતી પર પાંગરેલ જીવનના આશ્ચર્યજનક આવિષ્કારો છે, તે અંગેની વિભાવનાઓ (concepts) લેખકે અસરકારક રીતે રજૂ કરી છે.


પુસ્તક ઝડપભેર વાંચી જવાને બદલે તેનો એક એક વાક્યાંશ (phrase), એક એક વિભાવના (concept) પચાવતા, ધીમે ધીમે વાચક આગળ વધશે તો તેની સમજણ વધુ ખીલશે અને વધુ આનંદ આવશે. પ્રત્યેક જીવજાતિની (species) અનન્યતા વાંચક આગળ ખુલતી જશે અને એક જીવજાતિ તરીકે માનવમાં જે બૌધ્ધિક ક્ષમતાઓ વિકસી છે તે ધ્યાનમાં આવશે.

લેખકની સરળ ભાષાને લીધે તેનું વાંચન અનેરો આનંદ આપે છે, અને રંગીન તસવીરો તેમાં વધારો કરે છે. અંગ્રેજી સમજવું અઘરું લાગતું હોય તેમને પણ હું આ પુસ્તક વાંચવાની ભલામણ કરું છું.


*લવકુમાર ખાચર , ગાંધીનગર*

## હંજનું પ્રજનન

નીચે આપેલી તસવીરો ૬ મે '૯૯ના 'ટાઇમ્સ ઓફ ઇંન્ડીયા' માં (મુંબઇ આવૃત્તિ) છપાઇ હતી. શ્રી અસદ રહેમાનીએ (ડાયરેક્ટર, બી.એન.એસ.એસ.) આ અંગે જંગલ ખાતાના અગ્રણી અધિકારીઓને પત્ર લખ્યો હતો તથા તેની નકલ શ્રી લવકુમાર ખાચરને મોકલી હતી.




**BUILDING THEIR OWN NEST :** A hive of nests built by flamingoes in the sands of the Rann of Kutch form a series of miniature fortresses to weather their young against the ravages of nature. Flamingoes generally lay their eggs only around November, but this for unknown reasons they did so as late as April, catching environmentalists by surprise. (Below) A newborn flamingo braves the heat which threatens its very survival.




પત્રમાં તેઓએ જણાવ્યું હતું કે, આ મહિનામાં (એપ્રિલ - મે '૯૯) હંજનું પ્રજનન અસામાન્ય કહેવાય. તસવીર ઉપરથી તસવીરકારની ઉપસ્થિતિથી પક્ષીને ખલેલ પહોંચી છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે. પક્ષીઓ થોડા સમય માટે માળા છોડીને ગયાં હોય તે દેખાઈ આવે છે. ગયા વર્ષે અમદાવાદના કોઈએ હંજની માળા-વસાહત પાસે પ્રવાસીઓને લઇ જવાની જાહેરાત આપી હતી તે બાબત તેમણે યાદ કરાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, આવી પ્રવૃત્તિ બંધ થવી જોઈએ. ઉનાળામાં જો ઈંડાંને છાંયો ન મળે તો અંદરનો ગર્ભ ગરમીથી નાશ પામે, એની ત્યાંના મુલાકાતીઓને જરાય ખબર નહીં પડે એ અંગે તેમણે ચેતવણી આપી હતી તથા આની સામે જરૂરી પગલાં લેવાવાં જોઈએ તેના પર ભાર મૂક્યો હતો.

*(સૌજન્ય : શ્રી અસદ રહેમાનીનો, શ્રી લવકુમાર ખાચર પર મોકલાયેલો પત્ર)*

# પક્ષીમિત્રોના પ્રતિભાવો

હું એક નાનો એવો પક્ષીનિરીક્ષક છું. મને 'વિહંગ'માં ઘણો રસ પડે છે. આ સામયિકમાંથી ઘણાં પક્ષીઓ વિષે, તેમનાં રહેઠાણ, વર્તણૂક અને તેમની મળી આવવાની સંભાવના ધરાવતા વિસ્તારો વિષે જાણવા મળે છે. આ ઉપરાંત આ ક્ષેત્રના અનેક નિષ્ણાતોનાં મંતવ્યો, તેમનાં નામ-સરનામાં પણ જાણવા મળે છે.

*દર્શન વૈષ્ણવ, અમદાવાદ*

આજે આણંદમાં 'વિહંગ' વિષે ડૉ. બી.એમ.પારાશર્ય મારફતે જાણ થઇ. ખૂબ જ સુંદર પત્રિકા છે. દુઃખ છે કે, હું અત્યાર સુધી અજાણ રહ્યો. NLBW અને BNHSનાં 'જર્નલ' તથા 'હોર્નબીલ' આવે છે, જ્યારે ગુજરાતમાં જ આટલું સુંદર કાર્ય થઇ રહ્યું છે તેનાથી અજાણ રહ્યો. આપને અનેકાનેક અભિનંદન !

*ડૉ. એસ.સી.વશિષ્ઠ, નડિયાદ*

'વિહંગ' નો ચોથો અંક પક્ષીનિરીક્ષક શ્રી નૂરમહમદ ઠેબા દ્વારા મળ્યો. ગુજરાતીમાં પક્ષીઓ વિષે માહિતી આપતું સામયિક છે તે ધ્યાનમાં ન હતું. આખું સામયિક એક જ બેઠકે વાંચી ગયો. ખૂબ જ ગમ્યું. પક્ષીનિરીક્ષકોનાં સરનામાં સાથેની યાદી વિસ્તાર પ્રમાણે તબક્કાવાર પ્રકાશિત થાય તો સંકલન થઇ શકે. પક્ષીનિરીક્ષકોનું મંડળ થાય તે માટે કાર્ય ચાલી રહ્યું છે તે જાણી આનંદ થયો.

*વિષ્ણુ પટેલ,*
*જે.સી.બોઝ ઇન્સ્ટી. ઓફ સાયન્સ, અમદાવાદ*

આપનું 'વિહંગ' ગઇ કાલે માત્ર થોડું વાંચીને એટલો બધો આનંદ થયો ! પક્ષીઓ વિષે એક મહાભારત લખાય તેટલું જાણવાનું છે તેનો ખ્યાલ આવ્યો ! હું ભાવનગરની શાળામાં શિક્ષક છું. અમારી શાળામાં નિલકંઠવર્ણી 'નેચર ક્લબ' ચાલે છે અને અમોને શિવાબાપા માર્ગદર્શન આપે છે. હમણાં શિહોરના ડુંગરા ઉપર 'ટ્રેકિંગ' માં ગયેલા ત્યારે બાળકોને શોબિગી, ચાતક, ચંડૂલ તથા બુલબુલ વગેરે પક્ષીઓ બતાવ્યાં હતાં.

*રાજેશ ત્રિવેદી, ભાવનગર*

'નૂતન વર્ષાભિનંદન'! 'વિહંગ' મળતાંની સાથે વાંચી લેવાય છે અને શરૂ થાય છે લાં.....બી રાહ, બીજા અંકની. મારી શાળાના 'બુલેટિન બોર્ડ' ઉપર 'વિહંગ' મુકવાથી વિદ્યાર્થીઓ તરફથી સારો પ્રતિભાવ મળ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓમાં પક્ષીનિરીક્ષણનો રસ કેળવાતો જોવા મળ્યો છે.

*રેવતુભા રાયજાદા, કેશોદ*

૨૩-ઓકટો.ના રોજ 'વિહંગ'નો અંક-૪ મળ્યો. એક જ બેઠકે સંપૂર્ણ વાંચી ગયો. ત્યાર બાદ પ્રકૃતિપ્રેમી મિત્રોને પણ વંચાવ્યો. ખૂબ જ માહિતીસભર લેખો હતા. સર્વ મિત્રોએ આપશ્રીને અભિનંદન પાઠવ્યા છે. પક્ષીનિરીક્ષકોની સંયુક્ત સંસ્થાનો વિચાર ગમી ગયો. આપના આ પ્રયાસમાં સુરેન્દ્રનગરનાં પ્રકૃતિપ્રેમીઓ સદાય સેવા આપવા તત્પર રહેશે.

*ચિંકુ વોરા, સુરેન્દ્રનગર*

આપે પક્ષીઓ વિષેની સુંદર માહિતીનું સંપાદન કરવાની જે કામગીરી ઊપાડી છે તે ખરેખર પ્રશંસનીય છે. અમે 'જસદણ બ્લેક-બક ફોરેસ્ટ ક્લબ'ના નામથી સક્રિય કામગીરી કરી રહ્યા છીએ. ભીમકુઇ તથા મનાલી ખાતે વર્ષમાં બે વાર શિબિરો કરીએ છીએ. હવે આપે આવું સરસ સામયિક શરૂ કર્યું છે તો ક્યારેક હિંગોળગઢમાં જોવા મળતાં પક્ષીઓ વિષે લખીને મોકલીશ.

*અરવિંદ પરમાર, જસદણ*

એક મિત્ર પાસે 'વિહંગ'નો અંક જોયો. ખૂબ આનંદ થયો. ગુજરાતીમાં આ પ્રકારના સામયિકની જરૂર હતી. અભિનંદન ! 'વિહંગ', માસિક બને અને આર્ટપેપરમાં રંગીન વિહંગો ઊડાઊડ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

*અમૃત પટેલ, ગિયોડ, જિ. ગાંધીનગર*

'વિહંગ' ખૂબ, ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ. 'વિહંગ' પરિવાર ને એક તાંતણે બાંધી રહ્યા છો તે ખૂબ સરસ વાત છે.

*વીરેન્દ્ર સંઘવી, રાજકોટ*

આજે જ્યારે છાપાં-સામયિકો મોંઘા દાટ થઇ ગયાં છે ત્યારે 'વિહંગ' ને નિઃશુલ્ક રાખવું સહેલુ નથી. આ ભાગદોડના જમાનામાં પક્ષીમિત્રોએ પોતાની સંવેદના જાળવી રાખી છે, તે આનંદની વાત છે. લોકો મિત્રોમાં કે 'ટી.વી.'માં પક્ષીઓ જુએ છે, પણ કુદરતમાં નાચતાં-ગાતાં પક્ષીઓ જોવા કેટલા જાય છે ? એ લહાવો નસીબદારોને જ મળે.

*પુરુષોત્તમ ગઢિયા, અમદાવાદ*

તમારો વ્યાસંગ જબરો છે ! પક્ષીઓના સહવાસમાં રહી તમે પણ ઉદ્બયન સારા પ્રમાણમાં કરી છો એવું લાગે છે. પ્રકૃતિની ગોદમાં માણવાનું સૌભાગ્ય જેને પ્રાપ્ત થયું છે તે ખરેખર જીવન જીવી ગયા છે એમ મને લાગે છે. અંગ્રેજી સાહિત્યમાં પ્રકૃતિના ઉપાસક એવા Wordsworth ની કવિતાની વ્યાખ્યા પેર બેઠા નહિ સમજાય. કવિ કહેતા "Poetry is emotions recollected in tranquility". શિક્ષણમાં હમણાંથી એક નવો સિધ્ધાંત મુકાયો છે. Learning to feel and Feeling to learn. આ બધું શક્ય ક્યારે બને, જ્યારે પ્રકૃતિનો વાસ્તવિક પરિચય થાય.

શિક્ષકો માટે પક્ષીઓની સમજ કેળવાય તે હેતુથી કોઇ શિબિર ગોઠવી શકાય ? 'વિહંગ' વાંચી હું પણ કલ્પનામાં ઊડવાનો પ્રયત્ન કરું છું.

*પ્રા. આર.એસ. ત્રિવેદી, અમદાવાદ.*

પક્ષીઓમાં ક્યારેક અને વિશેષ તો ઉનાળામાં ધાબે સુઇ જઇએ ત્યારે થતી પ્રવૃત્તિઓને નિરીક્ષવાનું થતું હોય છે, પણ કેવળ કુતૂહલવૃત્તિથી, અભ્યાસની રીતે તો નહીં જ. પરંતુ 'વિહંગ'ના અંક ૩ અને ૪ પછી થોડીક રસવૃત્તિ જરૂર સંકોળાઇ છે. તમારા અભિયાનને સફળતા ઇચ્છું છું. નિઃશુલ્ક પ્રકાશન કરવું એ કઠિન કાર્ય છે, ત્યારે તે વિષે કોઇ સૂચન કરવાનું જોખમ ન જ લેવું જોઇએ. શ્રી લાલસિંહભાઇને હિંગોળગઢમાં આ વર્ષે ઓછી જીવાત દેખાઇ તેની વસવસો છે જ્યારે અમદાવાદમાં નારણપુરા અને જોધપુર વિસ્તારોમાં શરદપૂર્ણિમાની આગલી રાતે જીવાતનું આક્રમણ મોટે પાયે હતું !

*ડૉ. રમેશ જમીનદાર, અમદાવાદ*

પક્ષીનિરીક્ષકની વ્યાખ્યામાં આવે તેવું કોઇ જ્ઞાન હું ધરાવતો નથી, પરંતુ વૃક્ષોને જોતાં કે આકાશમાં વિહરતાં પક્ષીને જોતાં જે આનંદ થાય છે તેટલો જ આનંદ 'વિહંગ' જોતાં થયો. સવારની લટારમાં પક્ષી સાથે સતત રહેવાનો લહાવો હજી જૂનાગઢમાં રહ્યા કરે છે, એ મારું સદ્નસીબ ગણાય. આપને 'વિહંગ' અંગે શુભેચ્છાઓ મોકલી રહ્યો છું.

*પાર્થ રૂપારેલીયા, જૂનાગઢ.*

રાજ્યકક્ષાએ પક્ષીનિરીક્ષણની સંયુક્ત સંસ્થા અંગેના સમાચાર વાંચી ખૂબ જ આનંદ થયો. આપણી સંસ્થા હોય તો જરૂર પડે ત્યારે યોગ્ય અવાજ ઊઠાવી શકાય. શ્રી લવકુમાર ખાચરની વાત સચોટ અને વિચારપ્રેરક હોય છે. તેમની ભાષા થોડી કડક જરૂર છે પણ વાત સાચી હોય છે.

*અશ્વિન પોમલ, ભુજ*

'વિહંગ'નો અંક મળ્યો. કદમાં નાનો હોવાથી આખોય અંક વાંચી ગયો. ખૂબ ગમ્યો, ઘણું જાણવા મળ્યું. ગુજરાતનાં અનેક ગામો અને શહેરો સુધી 'વિહંગ'નું ઉડ્ડયન થયું છે, એમ અભિપ્રાયો વાંચતાં થયું. ધર્મજના યશેશ ભટ્ટની વાત ગમી. પક્ષી સારવાર વિષે લખાય તો ઉપકારક થાય. લવાજમ પણ રાખો. મફતમાં મળે તો તેની કોઇ કિંમત ના રહે. રોજનાં કામોમાંથી 'વિહંગ' માટે સમય કાઢવા બદલ અભિનંદન.

*નટુભાઇ પરીખ, અમદાવાદ.*

'વિહંગ' નામ જ વિરાટનો અનુભવ - વિશાળ દ્રષ્ટિનો દ્યોતક બની રહે છે. નિખાલસતા અને સરળતા પક્ષીઓમાં જોયાં. સાતત્ય અને ઉદ્યમ, ક્રિયાશીલતા અને તંદુરસ્તી, મસ્તી અને મજા, કળા અને કારીગરી એ બધું પક્ષીઓ જ શીખવી શકે, જો આપણે ખુલ્લાં મન-હૃદયથી તેને માણવા-જાણવા ઉત્સુક હોઇએ તો.

'વિહંગ'ના માધ્યમથી ખરેખર ખૂબ મોટું, ગંજાવર કહી શકાય તેવું કામ ઉપાડ્યું છે. પ્રકૃતિમાં રસ જગાડવાની પ્રવૃત્તિમાં અંતે તો પ્રકૃતિપ્રેમીની અંદરની પ્રેરણા જ કામ કરી રહેલી હોય છે. આ વખાણ નથી. મને સંપાદનનો અનુભવ છે અને તેને જરૂરી નિયમિતતા માટેના કાળજીભર્યા પરિશ્રમનો પણ.

*રમેશ પંડ્યા, જૂનાગઢ*

'કામણ હતું ગજબનું, વિહંગોનાં ગાનમાં,
કલરવ સૂણીને આવી ગયો, હુંય તાનમાં'

આપના તરફથી 'વિહંગ' મળ્યું અને અમૃત ઘાયલના શેરની જેમ હુંય તાનમાં આવી ગયો ખૂબ આનંદ થયો. મારા નિવાસસ્થાનની સામે જ રેલવેના પાટા છે. એ તરફ ૧ કિ.મી. ચાલતાં જ પક્ષીનિરીક્ષણનો લહાવો મળે છે. શક્ય હોય ત્યાં સુધી સવારે અથવા સાંજે હું મારા મિત્ર અતુલ સાથે નીકળી પડું છું. પક્ષીનિરીક્ષણ તથા તસવીર લેવાનો શોખ છેલ્લાં ૩-૪ વર્ષથી છે.

*અજીત ભટ્ટ, ધારી*

❀ ❀ ❀